R.N.I. No. MAHBIL/2020/79181

પ્રકાશ સમીક્ષા

Since 1924...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૨મું

VOLUME : 06 • ISSUE : 09 • PAGES : 36 • MUMBAI • DATE : 5TH MARCH 2026

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

**HD Fire Protect Limited**
Corporate HQ: D-6/2, Road No. 34,
Wagle Estate, Thane 400604, India
Tel: +(91) 22 35287000 Email: info@hdfire.com

HD FIRE PROTECT™
Protecting what matters most to you

90 COUNTRIES. 1 PROMISE.
PEACE OF MIND.

35 YEARS OF TRUST

With a customer-centric approach, extensive manufacturing capabilities, and a commitment to service excellence, you can rest easy knowing that we have got your back.

Distributed 90+ countries
Trusted by 2K+ clients
Global Certifications




www.hdfire.com

With Best Compliments from:

# MICROFINISH

**Pumps • Valves • Automation**




6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

## તંત્રી સ્થાનેથી

તા. ૫.૩.૨૦૨૬ના અંકના તંત્રીલેખમાં એડ. ઉદયન લાલજી શાહ (લોડાયા)–મોટી સિંધોડી (મુલુંડ) નો લેખ પ્રકાશિત છે.



**– CA હીરાચંદ પ્રમિલાબેન–દામજી દંડ, Mob.: 77385 08150**

# કચ્છમાં ભવ્ય દેરાસરો જોઈએ કે હોસ્પિટલ?

આઝાદીના અમૃત મહોત્સવ પર્વનો ભારતભરમાં પ્રચાર થયો અને આપણે પણ એમાં જોડાયા. આઝાદીના ૭૯ વર્ષમાં પ્રવેશી ચૂક્યા છીએ અને મોટા શહેરોમાં મળતી મોંઘી સુખ સગવડો માણીએ છીએ. આપણું વતન, આપણી ધરા કચ્છ, ત્યાં પણ આપણે કેટલાક વર્ષોથી આધુનિક બદલાવ જોઈએ છીએ. આપણે આપણી સંસ્કૃતિ જાળવી રાખવાના પ્રયાસરૂપે કચ્છ વારંવાર જઈએ છીએ અને ત્યાં પણ આપણા ગામોમાં આપણે આધુનિક સગવડ ધરાવતા અવાસો અને એરકન્ડીશન ધર્મશાળાઓ બનાવી છે અને આખું વર્ષ મોટા ધાર્મિક કાર્યક્રમો યોજીએ છીએ. ઉછામણી અને ઘી બોલવાનો લ્હાવો લઈએ છીએ. મહારાજ સાહેબના ચાતુર્માસ ભવ્યાતિભવ્ય રીતે પાર પડે એના માટે લખલૂટ ખર્ચા કરીએ છીએ. દેરાસરના જીર્ણોદ્ધાર અને નવા દેરાસરો બનાવવાનાં કામ સવિસ્તરપણે ચાલે છે. સાધર્મિક ભક્તિ અને ધુમાડાબંધ જમણવાર કરીએ છીએ. તંબુઓ તાણીએ છીએ. હવે આવા પ્રસંગો કોઈ યાદ નથી રાખતા કારણ કે રોજીંદી બાબત થઈ ગઈ છે. માનનીય પ્રધાનમંત્રી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે અમિતાભ બચ્ચનની મદદથી ભારતભરમાં એક વાક્ય પ્રસાર્વ્યું, 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા' અને હવે યાત્રીઓના ધાડેધાડા કચ્છ પર તુટી પડે છે.

ફેબ્રુઆરી ૨૦૨૬ની મારી કચ્છની (મારા ગામ મોટી સિંધોડી)ની મુલાકાત દરમ્યાન ઠેસ પહોંચાડનારી એક બાબત ગામના વતની કાનજીભાઈ ગઢવીએ જણાવી કે આપણા અબડાસા તાલુકાના ૧૫૬ ગામોમાં કોઈપણ સરકારી કે પ્રાઈવેટ કે ધર્માદા હોસ્પિટલ નથી. જ્યાં મોટા રોગો જેમકે હાર્ટએટેક આવે તો તાબડતોબ ઈલાજ થઈ શકે. મને વધુ ઠેસ ત્યારે પહોંચી જ્યારે ખબર પડી કે ગર્ભવતી માતાઓના સ્વાસ્થ્ય અને ઈલાજ માટે કોઈપણ પ્રકારની દાક્તરી સેવાઓ ઉપલબ્ધ નથી અને બાળકના જન્મ મિડવાઈફ નર્સ (ફિમેલ હેલ્થ વર્કર) કરાવે છે, જેની સરકાર નિમણૂંક કરે છે અને એ પણ ક્યારેક રહેઠાણની સમસ્યા હોવાથી ઉપલબ્ધ નથી હોતી. કચ્છના આ વિભાગને ખરેખર આપણે જોવાની જરૂર છે. કેડીઓ ક્લાસિક સંસ્થા દ્વારા સારવાર માટે નાણાંકીય મદદ અપાય છે. આ સિવાય બીજા સદ્ધર અને મોટા ભાગના મહાજનોએ આ માટે કોઈ નક્કર પગલાં લીધા હોય એવું જાણમાં નથી. મહારાજ સાહેબોની વૈદ્યકીય સારવાર આપણે મોટામાં મોટી હોસ્પિટલમાં કરાવીએ છીએ અને તેઓ જ્યારે અરિહંતશરણ પામે ત્યારે એના માટે લાખો રૂપિયા ખરચીયે છીએ. ૨૦૧૬માં લખલુટ ખર્ચો કર્યો. સ્ત્રીઓ માટે સ્ત્રીઓ દ્વારા અને સ્ત્રીઓ ચલાવે એવી કંપની ઉભી કરી અને લાખો રૂપિયા જમા કર્યા અને કચ્છને વસાવવાની વાતો ચાલી, અને આજે પણ ચાલી રહી છે.

જૈનો માટે જીવદયા એ સૌથી મોટું અને પુણ્યનું કાર્ય છે. ક્યાંક દેરાસરમાં વાંચ્યુ હતું 'કીડીઓ માટે' અને આપણે કીડીઓને ખવડાવી સંતોષનો ઓડકાર લઈએ છીએ. (સાચો કે ખોટો ખબર નથી). પણ ક્યારેક કદઓનું ધ્યાન ફક્ત એક

**આદ્યતંત્રીઓ**
**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**તંત્રી :** CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ
**સહતંત્રી :** શિલ્પાબેન અજાણી

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ
મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
ઍડ. શૈલેશ સનત્ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
શિલ્પાબેન અજાણી
જયંત વિશનજી છેડા
ઍડ. કેતન મધુકાંત લોડાયા

## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**વૉલ્યુમ : ૦૬, અંક : ૦૯, તા. ૦૫-૦૩-૨૦૨૬**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ - મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## જાહેરાતની રકમ ભરવા બેંક એકાઉન્ટની વિગત

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાતની રકમ ભરનારાઓએ ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

સરખી પાયાની સુવિધાવાળી હોસ્પિટલ બનાવવા માટે નથી ગયું. કેર જવાબદારી ઘેનધો? કેર સંભારી ધો? પાં વટે પૈસા નંઈ! બિદડામાં વ્યવસ્થા જોઈ છે? દરવર્ષે થતા કાર્યક્રમોમાં દાક્તરી વ્યવસ્થા હોય છે? હૃદયરોગનો હુમલો આવે તો એક જ સેકંડમાં CPR થી સારવાર આપતા આવડે છે? ખિસ્સામાંથી દવા હાજર થઈ શકે છે? આપણે કાર્યક્રમોની વ્યવસ્થાપક સમિતીને આપણી શારીરિક સમસ્યાઓ જણાવીને એના માટેની દવા અને જરૂરી વ્યવસ્થા કરવા માટે જણાવીએ છીએ? જણાવજો. નહિં તો સંઘને સાંભળવું પડે છે.

હવે આપણે બધા જ ગામોના મહાજનોએ સાથે આવીને એક પાયાની સુવિધા ધરાવતી નાની હોસ્પિટલ બનાવવાની જરૂર છે. ખાસ કરીને ગર્ભવતી મહિલાઓ માટે અને બાળકના જન્મ માટે પાયાની સુવિધા હોય, આંખોની તપાસ અને જરૂરિયાતમંદોને ચશ્મા આપી શકાય અને હૃદયરોગના દરદીઓને દવા અને તાત્કાલિક સારવાર મળી શકે એ વ્યવસ્થા હોય.

આનો લાભ દેખિતી રીતે બધા સ્થાનિકો લેશે પણ આપણે એક ઉત્તમ સેવા કાર્ય કરી શકશું. અને આથી આપણી નાતની સમૃદ્ધિ વધશે એમાં શંકાને સ્થાન નથી. દેરાસરો-ચાતુર્માસો સાથેસાથે આ કામ થવું જ જોઈએ. આપણે કચ્છીઓની વસ્તી કચ્છમાં વધારવી છે ને?

આ લખનારે હોસ્પિટલની સગવડતા માટે પ્રધાનમંત્રી પાસે ધા નાખી છે. નોંધ લેવાઈ છે. જોઈએ શું થાય છે? સરકાર કરશે ત્યારે કરશે, ત્યાંસુધી આપણે થોડું ઘણું તો કરી જ શકીએ છીએ.



**- ઍડ. ઉદયન લાલજી શાહ(લોડાયા)**
**મોટી સિંધોડી (મુલુંડ)**

## Career Planning Guidance Seminar

Organised by VLVG Trust Exclusively for 9th to 12th std students & parents

**Topics:**

1. Career Opportunities after 10th/12th
2. How to effectively plan your Career

**Sunday, 29th March 2026**
**10:30 am - 1:00 pm (followed by Lunch)**
**Shri Virji Ladhabhai KDO,**
**Jain Vidyarthi Gruha (VLVG),**
**Bhavanji Arjan Khimji educational campus, Laxmi niwas,**
**Ghatkopar West, Mumbai**

Registration compulsory :
For registration:
https://forms.gle/wc9NxLLLwZwW7Cd29

**For Enquire: 9967914567**

**ધોરણ VI, VII અને VIII માં પ્રવેશ લેતા વિદ્યાર્થીઓ માટે VLVG BAK કેમ્પસ, ઘાટકોપર વેસ્ટ, આયોજિત એક અનોખા ત્રણ દિવસીય સમર કેમ્પની જાહેરાત.**

આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓને આનંદદાયક અને પ્રવૃત્તિ આધારિત સત્રો દ્વારા સાંકલ્પિક વિચારશક્તિ, સંદર્ભ આધારિત અભ્યાસ અને વધુ સ્વજાગૃતિનો વિકાસ - આ ટોપિક્સથી પરિચિત કરાવવાનો છે.

**તારીખોઃ ૮, ૯ અને ૧૦ મે ૨૦૨૬**

જો તમે તમારા બાળકનું નોંધણી કરાવવા ઇચ્છતા હો તો કૃપા કરીને નીચે આપેલ લિંક પર નોંધણી કરોઃ

https://forms.gle/Vnuz4KqgU5BZ7bvk8

વધુ વિગતો મેળવવા માંગતા હો, તો કૃપા કરીને નીચે આપેલ નંબર પર સંપર્ક કરોઃ

**સોનલ શાહ - મો. +૯૧ ૯૯૬૭૯ ૧૪૫૬૭**

ભાગ લેનારા વિદ્યાર્થીઓ માટે રહેઠાણ અને ભોજનની વ્યવસ્થા VLVG કેમ્પસમાં ઉપલબ્ધ રહેશે.


SINCE 1982
LagnaDeep
STUDIO
She is everything... She deserves it all!
Women's Day
Special Offer
7th March - 17th March
Drape her in elegance with our Bridal Wedding Sarees & Lehengas.
Exclusive Indo-Western & Gown Collection.
Celebrate her elegance with the perfect outfit!
* Offer valid on both Stores
(Thursday Open)
UP TO
35% OFF*
02225680807/ 7977245856
@lagnadeepstudio
B-13/15, Jalaram Ashish,
Devidayal Road, Opp. Raj Hospital,
Mulund (W), Mumbai - 400 080.



# કચ્છ દર્શન





(ભાગ : ૫૯)

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

**(ગતાંકથી ચાલુ)**



**''જેસલ જાડેજા તથા સતી તોરલની સમાધિ-અંજાર''**

ભુજનાં પરિસંવાદ શ્રી હરેશ ધોળકિયા પ્રવચન આપે તે પહેલાં ગતાંકમાં છપાયેલ આપણા જ શ્રી ક.દ.ઓ. દેવશી વિરજી ખોનાનો મેં જાણેલો અલ્પ પરિચય કરાવવો છે. શ્રી દેવશીભાઈ નલિયા બાળાશ્રમનાં ટ્રસ્ટી હતા અને રામસિંહજી રાઠોડનાં સંગ્રહાલયમાં તેમનો ફોટો પ્રાપ્ત છે. બાળાશ્રમનાં આગલા વર્ષોમાં સ્ટીમનેવીગેશન કંપનીનાં તેમના કુટુંબીજન શ્રી થોભણ દેવજી દંડ (સાંધવ)ના સુપુત્ર ગોવિંદજીભાઈએ કોચીનમાં એક ઓફિસ ખોલી અને ત્યાં કામકાજ સંભાળવા શ્રી દેવશીભાઈને વિનંતી કરી. બે થી ત્રણ વર્ષનાં કોચીન વસવાટ દરમ્યાંન તારા અને ગ્રહોનાં નિરીક્ષણમાં તેમને રસ પડ્યો અને કોચીનનાં એક શાસ્ત્રી પાસેથી જ્યોતિષ વિદ્યાનો ફુરસદનાં સમયમાં અભ્યાસ કર્યો.

નિવૃત્ત થયા બાદ એમણે જન્મભૂમિનાં પંચાગ વિભાગમાં નિયરન પદ્ધતિથી સચોટ કુંડળી કેમ બનાવી તે વિષયો પર લેખ લખ્યા અને વાર્ષિક પંચાગ બનાવ્યું પણ તેમની શરત હતી કે સંપાદક તરીકે મારું નામ આવવું જોઈએ નહીં. ત્યારબાદ મસજિદ બંદર પર આવેલ પ્રબોધ મેન્શનમાં નિવૃત્તિની જિંદગી વિતાવી પણ શોખ ખાતર કેટલાકનાં જન્માક્ષર બનાવ્યા તો કેટલાકની કુંડળીઓમાં ગ્રહો જોઈ તેમના લગ્ન વિશે માર્ગદર્શન આપ્યું. (આ માહિતી તેમનાં સુપુત્ર શ્રી ખેતશી દેવશી ખોના પાસેથી પ્રાપ્ત થઈ છે. - હું આભારી છું.)

હવે પરિસંવાદનાં ત્રીજા વક્તા છે શ્રી હરેશ ધોળકિયા જેઓ કચ્છમિત્રની મધુવન પૂર્તિમાં 'ઘડીક સંગ''ના નેજા હેઠળ કોલમ લખ્યે છે, વરિષ્ઠ પત્રકાર છે તેમજ લગભગ ૪૦ ઉપરાંત પુસ્તકોનાં લેખક છે. તેમનો વિષય છે ''બહારવટિયો જેસલ જાડેજા અને સતી રાણી તોરલ'' તેમના પ્રવચનનો ટુંકો સાર : કચ્છ અંજારનાં સાસતિયા કાઠી જાગીરદાર પાસે તોરી નામની એક ઉમદા પ્રકારની પાણીદાર ઘોડી હતી. આ તોરી ઘોડીની ખ્યાતિની વાત કચ્છના બહાદુર બહારવટિયા જેસલ જાડેજાને કાને આવી. જ્યારે સાસતિયાનાં ગામમાં પાટ પુજન અને ભાવભજનમાં સૌ કોઈ ગુંથાઈ ગયા હતા, ત્યારે સમય જોઈ જેસલ સાસતિયાનાં ઘરમાં ઘુસ્યો ત્યાં અજાણ્યા સખ્સને જોઈ ઘોડી હણ-હણવા લાગી, અને ખીલાથી છુટી પડી. સાસતિયાને આવતો જોઈ જાડેજા ઘાસમાં છુપાઈ ગયો. સાસતિયાએ જેવો ખીલાને ફરીથી જમીનમાં ખોડ્યો તો ત્યાંથી લોહીની ધાર દેખાણી. સાસતિયાએ ઘાસ હટાવતા જાડેજાનાં હાથમાં ખીલો ઠોકાઈ ગયો હતો. તે દેખાણો - જાડેજાએ કહ્યું કે હું તારી તોરી લેવા આવ્યો છું. - સાસતિયાએ કહ્યું ભલે.

ટુંકાણમાં જાડેજાએ તોરી ઘોડીની માંગણી કરી જ્યારે સાસતિયા સમજ્યાં કે તોરી રાણીની માંગણી કરે છે. તેથી કહ્યું એક તોરી રાણી માટે તમે આટલી મુસીબત ઉઠાવો છો, તથાસ્તું. તેથી જાડેજાએ કહ્યું કે હું તો તમારી ઘોડી તોરીની વાત કરું છું. - સાસતિયા રાજાએ કહ્યું એ પણ લઈ જાવ.

આમ જાડેજા તોરી ઘોડી અને સતી રાણી જેસલને લઈ પોતાને ગામ જવા હોડીમાં સવાર થયો અને મધદરિયે તોફાન ઉમટ્યું, મોતને સામે જોઈ જાડેજાને પસ્તાવો થયો. અને સતીને બચાવવા વિનંતી કરીને લોકગીતમાં આ પ્રમાણે વણી લેવાઈ છે...

**''પાપ તારાં પ્રકાશ જાડેજા ! ધર્મ તારો સંભાર રે,**
**તારી બેડલીને બૂડવા નહિ દઉં;**
**જાડેજા રે, તોરલ કહે છે જી.**

**તોડી સરોવર-પાળ, સતી ! મેં તોડી સરોવર-પાળ રે,**
**ગોધણ તરસ્યાં વાળિયાં, તોરાંદે રે, જેસલ કહે છે જી.**
**હરણ હણ્યાં લખ ચાર, સતી !**
**મેં હરણ હણ્યા લખ ચાર રે,**
**વનના મોરલા મારિયા, તોરાંદે રે, જેસલ કહે છે જી..''**

વધુ આવતાં અંકે...

# સરકારી યોજનાઓનો અણગમો કે જાણકારીનો અભાવ ??




આપણે એવા સવર્ણ સમાજમાંથી આવીએ છીએ, જે કોઈ સામે હાથ લાંબો ન કરે પણ સાથે સાથે આપણે મધ્યમ વર્ગમાં પણ આવીએ છીએ એ પણ આપણે સમજીએ જ છીએ અને ક્યારેક એવા કપરા સમયે અટકી જઈએ છીએ ત્યારે ના સહી શકાય ના કહી શકાય.. તેવા હાલ થાય છે.

આકસ્મિક બીમારી સામે જયારે આર્થિક સંક્રમણની સ્થિતિએ આપણી તમામ બચત પૂરી થઈ જાય અને જરૂર પડે મકાન કે ઘરેણા પણ ગીરવી રાખવા પડે કે વેચવા પડે છે. આપણા સમાજની વિવિધ મેડિકલ સમિતિઓ હેઠળની યોજનાઓમાં આપણને મોંઘી સારવાર સામે નિયત રકમ જ મળી શકવા જ સંભવ છે અને તે રકમ મેળવવામાં પણ ઘણી પ્રક્રિયા પુરી કરવી પડે છે અને સમય પણ લાગી શકે છે. આવી યોજનાઓ મધ્યમ વર્ગ માટે ખુબ જ સારી છે અને તે માટે સંસ્થાના આવા કાર્યો બિરદાવવા લાયક છે. પણ આપણે એવી સ્વમાની પ્રજા છીએ જે પહેલા તો પોતાના ઘરથી જ થતી પૂરતી કોશિશ કરીશું, ત્યારબાદ કોઈને નામ ના આપવાની શરતે જ આ રકમ મેળવવા માટે અન્ય પાસે હાથ ફેલાવી માંગણી કરશું.

મારી ઉંમર તો નાની છે, હું તો સ્વસ્થ છું, મને શું તકલીફ છે, મને મેડીક્લેમની શું જરૂર? આવા વિચાર કરી આપણે મેડીક્લેમ પોલિસી લેતા નથી અથવા મેડીક્લેમની જે પોલીસી હોય છે તે મોટી બીમારીને સામે પહોંચી વળવા માટે સક્ષમ હોતી નથી. તેવા સમયે આપણે અન્ય પાસે હાથ ફેલાવવા કરતા આપણી જ સરકારે આપણા માટે જ આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને મુખ્યમંત્રી અમૃતમ યોજના હેઠળ જે પરિવારની વાર્ષિક ચાર લાખથી ઓછી આવક હોય, તેમજ ૭૦ વર્ષથી વધુ વયના નાગરિકો માટે રૂપિયા પાંચ લાખ સુધીની મફત સારવાર આપી રહી છે. એનો લાભ લેવો જોઈએ.

આ બાબતે સમાજમાં અભિપ્રાય લીધો ત્યારે કોઈ કહે આ વાતની ખબર જ નથી તો કોઈ કહે સમય જ નથી, તો કોઈ કહે અમને હેલ્પ કરે કે માર્ગદર્શન આપે તો ખબર પડે ને, તો કોઈકે એવું પણ કીધું કે કોણ પડે આ સરકારી ઝંઝટમાં, તો કોઈકે એવું કીધું કે મારા ઘરમાં સરકારની કોઈ વસ્તુ આવતી જ નથી, તો આ યોજનાનું અમે શું કરશું. બસ આ સરકારી યોજના સામે આપણો અણગમો છે કે આપણી પાસે સાચી માહિતી નથી એમ પ્રથમ દર્શનીય જણાય છે.

યોજનાનો લાભ મેળવવા માટે અને તેની જાણકારી મેળવવા માટે આપણા સમાજે જલ્દીથી જાગૃતિ ફેલાવવી જોઈએ અને જે તે પરિવારને આ યોજના હેઠળના કાર્ડ મેળવવા માટે પ્રક્રિયા સરળ અને જલ્દી બને તે માટે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ. આ યોજનાનો લાભ લેનારે સરકારે નક્કી કરેલ નિયત હોસ્પિટલમાં કોઈપણ જાતની લાંબી જટિલ પ્રક્રિયા વગર વિવિધ બીમારીઓની સારવાર મફત થઈ શકશે અને આપણે તેવા સમયે કોઈ સામે હાથ લંબાવવાની જરૂર પણ નહીં રહે અને તમારા આત્મસન્માનને ઠેસ પણ નહીં પહોંચે.

કેન્દ્ર સરકાર અને વિવિધ રાજ્ય સરકારના શૈક્ષણિક સહાય, નાગરિકોના ઉત્થાન માટે સહાય, ખેતીને લગતી સહાય તેમજ વ્હાલી દીકરી, લાડકી બહેન, વિદ્યાર્થી, વિધવા, સિનિયર સિટીજન અને મહિલાઓની સાથે યુવાઓને નાના ઉદ્યોગ સાહસિકો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અને આવાસ યોજનાની સાથે સામાજિક સુરક્ષાને લગતી યોજના અલગ અલગ નામથી અલગ અલગ રાજ્યોમાં ચલાવવામાં આવે છે, જેનો પણ આપણે લાભ લઇ શકીએ છીએ. બધા સમાજો હવે પોતાના સમાજને આગળ લાવવા સરકારી સહાયનો દરેકને લાભ મળે તેવા પ્રયત્નો કરી રહ્યાં છે તો આપણે કેમ પાછળ રહીએ?

આજે આપણે એવું પણ વિચારીએ છીએ કે આપણે ઉચ્ચ જાતિના છીએ તો કેમ સહાય લઈ શકીએ અને આપણે આપવામાં માનીએ છીએ, લેવામાં નહિં, પણ સરકાર દ્વારા આપણા જ વિવિધ ટેક્સ અને અન્ય સરકારને વેરા ચૂકવેલ છે તે જ આપણને મળતી હોય તો આપણે તે રકમ

અનુસંધાન પાના નં. ૧૪

# પન્ના નીતિન મોમાયા

## સેલ્યુટ છે તમને

પોલીસ અધિકારી હોવું આમ પણ મોટી વાત. એમાં જ્ઞાતિનાં મહિલા ખાતામાં ઉચ્ચ સ્થાને હોય એ તો પોરસાવા જેવી વાત. પન્નાબહેન ન માત્ર એવાં અધિકારી છે, સાથે એમની કારકિર્દીમાં સર થયેલા મુકામ ગજબના છે



## વ્યક્તિત્વ

આપણી જ્ઞાતિમાં પોલીસ ખાતામાં જૂજ લોકો છે. એમાંના એક પન્નાબહેન છે. કદાચ આપણી જ્ઞાતિનાં પહેલાં મહિલા પીએસઆઈ છે. પહેલાં મામલતદાર તો છે જ. મૂળ કચ્છ તેરા ગામનાં વતની શીલા નિતીનભાઈ મોમાયાનાં તેઓ દીકરી. પિતા અમદાવાદમાં હોમિયોપેથીના ડોક્ટર, સમાજમાં આગવું સ્થાન ધરાવે. અમદાવાદમાં ઉછરતાં પન્નાબહેન પહેલેથી મહત્ત્વાકાંક્ષી વ્યક્તિત્વ ધરાવે. રમતગમતમાં ઊંડી રુચિ. એશિયા ઇંગ્લિશ સ્કૂલમાં ભણતાં પાંચમા ધોરણમાં તેઓ સ્કાઉટ્સમાં જોડાયાં.

બાળપણનું સ્મરણ કરતાં પન્નાબહેન કહે છે, ‘‘સ્કાઉટ્સને લીધે અનુશાસન અને અદબનું મહત્ત્વ મને એ દિવસોમાં સમજાઈ ગયું. ઘરેથી મમ્મી-પપ્પાનું પ્રોત્સાહન હોવાથી લોન્ગ જમ્પ રમવા માંડી.’’ દીકરીના ઉત્સાહના પપ્પા એવા ટેકેદાર કે જ્યાં તાલીમ હોય ત્યાં પન્નાને લેવા-મૂકવા જાય. ગુજરાત બહાર પપ્પા અથવા મમ્મી દીકરી સાથે અવશ્ય જાય પણ ના ક્યારેય પાડે નહીં. અગિયાર વરસની કાચી વયે દીકરીએ રાષ્ટ્રીય સ્તરે લોન્ગ જમ્પમાં ભાગ લીધો. પન્નાબહેન કહે છે, ‘‘કોચે સૂચવ્યું કે લોન્ગ જમ્પ કરતાં હાઈ જમ્પમાં તું વધારે ખીલીશ.’’ પન્નાએ વાત માનીને સર કરવા માંડ્યાં સોપાનો. સ્કાઉટ્સ એન્ડ ગાઇડ્સમાં પ્રતિભા એવી ખીલી કે એ નાની ઉંમરે ૧૯૯૦માં ગવર્નરનો અને ૧૯૯૧માં રાષ્ટ્રપતિનો સ્કાઉટ્સ એન્ડ ગાઇડનો માનવંતો એવોર્ડ એનાયત મેળવ્યો. પંદર વરસની ઉંમરે જુનિયર એશિયાડ ગેમ્સમાં સિલેક્શન થયું. ફાસ્ટ ફોરવર્ડ કરીને એક વાત ઉમેરી દઈએ. ભવિષ્યમાં પન્નાબહેને રમતમાં રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું સત્તર વખત પ્રતિનિધિત્વ કર્યું. આજે પણ તેઓ અગ્રસેર છે અને રાષ્ટ્રીય સ્તરે માસ્ટર્સ રમે છે.

ભૂતકાળ પર ફરીએ. લો ગાર્ડન સ્થિત એચ. એ. કોલેજમાં પન્નાબહેને કોમર્સનો અભ્યાસ કર્યો. ભણતર સાથે સતત પાંચ વરસ શ્રેષ્ઠ એથ્લિટનો એવોર્ડ જીત્યાં. ૧૯૯૫માં હાઈ જમ્પમાં ગુજરાત યુનિવર્સિટીમાં એવો રેકોર્ડ પ્રસ્થાપિત કર્યો જે આજ સુધી અણનમ છે. ‘‘ત્યારે નક્કી હતું કે મારે સ્પોર્ટ્સ પર્સન બનવું છે,’’ પન્નાબહેન કહે છે, ‘‘વાતાવરણ અનુકૂળ હતું. એવામાં ૨૦૦૧ની સાલમાં પીએસઆઈની ભરતી માટે એક જાહેરાત જોઈ. મને પોલીસ ખાતાનો ભાગ્યે જ ખ્યાલ. ધાર્યું નહોતું કે હું આ ક્ષેત્રમાં જઈશ...’’

જિજ્ઞાસાવૃત્તિને પોષવા એમણે ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન એટલે જીપીએસસી માટે અરજી કરી. એમ કે જોઈએ તો ખરાં, શું થાય છે, આપણામાં આ લાઇનમાં કામ કરવાની યોગ્યતા છે ખરી? ગુજરાતમાં મહિલા પીએસઆઈની ભરતી માટેની એ પહેલી જાહેરાત. એમાં વળી પન્નાબહેન સામે એક પ્રશ્ન હતો, ‘‘છોકરીઓ પોલીસ બને?’’ એ સમયે કામ આવ્યો પરિવાર. મમ્મી-પપ્પાએ પન્નાને મનગમતો નિર્ણય લેવા દીધો. એટલું જ કહ્યું કે ઠીક લાગે એમ કર, આગળ વધ...

ભરતીમાં પાંચ મહિલા અધિકારી સહિત ૨૩૨ની બેચનું સિલેક્શન હતું. રાજ્યભરના હોનહાર ઉમેદવારો હતા. સિલેક્ટેડ પાંચ મહિલાઓમાં એક તેઓ હતાં! પન્નાબહેન કહે છે, ‘‘મને વિશ્વાસ થયો કે હું આ ક્ષેત્રમાં આગળ વધી શકું છું, રાજ્યની અને દેશની સેવા કરી શકું છું.’’ એની વરસભરની ટ્રેનિંગ પછી સિલેક્ટેડ ઉમેદવારોમાંથી, દરેક મોરચે મેદાન સર કરનાર ઉમેદવારનું ઓલરાઉન્ડરનું તરીકે ચયન થાય. એ માન ખાટી ગયાં પન્ના મોમાયા! ૨૦૦૨માં ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે એમને સ્વોર્ડ ઓફ ઓનરથી નવાજવામાં આવ્યાં.

અમદાવાદમાં તેઓનું સેટેલાઇટ પોલીસ સ્ટેશનમાં પીએસઆઈ તરીકે પ્રથમ પોસ્ટિંગ થયું. ત્યાં આગળ વધવાની ખેવનાને પૂર્ણવિરામ નહીં લાગ્યું. એની વાત કરીશું. ૨૦૦૨માં ગુજરાતમાં અભૂતપૂર્વ કોમી રમખાણો થયાં. રાજ્ય સરકારે એક નિર્ણય લઈને ટ્રેનિંગ મેળવી રહેલા અધિકારીઓને બંદોબસ્ત માટે સુરત મોકલ્યા. એમાં પન્નાબહેને પ્રશંસનીય કામગીરી બજાવીને ઉપરીઓની સરાહના મેળવી.

પોલીસ ખાતામાં જોડાવા વિશે પન્નાબહેન કહે છે, ‘‘ત્યારે પોલીસ ખાતામાં પણ મહિલા અધિકારી વિશે થોડી નવાઈ અને ચણભણ હતી. સ્ત્રીઓ આ અઘરું કામ કેવી રીતે કરી શકે એવો ઘણાને પ્રશ્ન હતો.’’ પડકારો

ઝીલીને એમણે સેવા કરવા માંડી. ખેલાડી અને ફોકસ્ડ માનસની તાકાત કામે લાગી. એમની સમર્પિતતા અને કાર્યનિષ્ઠની સાથી પોલીસ અધિકારીઓને જલદી જાણ થઈ ગઈ.

પન્નાબહેને ફરજ નિભાવતાં ફરી જીપીએસસીની પરીક્ષા માટે તૈયારીઓ આદરી. આ વખતે લક્ષ્ય હતું પહેલાં કરતાં મોટી છલાંગ મારવાનું. ૨૦૦૫માં ફરી પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને મામલતદાર બન્યાં. ૨૦૦૫-૧૧ વચ્ચે એમણે મામલતદાર તરીકે વિવિધ સ્થળોએ ફરજ બજાવી. આણંદના તારાપુર અને ખંભાત તાલુકા એમાં સામેલ હતાં.

ત્યાં પણ વાત અટકી નહીં. એમણે ત્રીજીવાર જીપીએસસીની પરીક્ષા આપીને એમાં પણ વાવટા ફરકાવ્યા. સાડાચાર-પાંચ લાખ ઉમેદવારોમાંથી ટોપ ટેનમાં આવ્યાં. કાયદાનો વિષયમાં સર્વોચ્ચ માર્ક્સ મેળવ્યા. ઇન્ટરવ્યુમાં પણ ટોચે રહ્યાં. એ સાથે પન્નાબહેનની નિયુક્તિ થઈ ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટઓફપોલીસકે ડીવાયએસપી તરીકે. એ માટે પણ વરસભર વિશેષ ટ્રેનિંગ લીધી, જેમાં બેસ્ટ શૂટરનું ઇનામ જીત્યાં. ડીવાયએસપી તરીકે એમનું પહેલું પોસ્ટિંગ સુરેન્દ્રનગરમાં થયું. ત્યાંથી અમદાવાદ મહિલા ક્રાઇમ બ્રાન્ચ અને અન્યત્ર. ૨૦૧૭માં એમને અમદાવાદ શહેરના ઝોન ટુનાં ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ એટલે ડીસીપી તરીકે બઢતી મળી. પછી સુરતના ઝોન ફોરનાં ડીસીપી થયાં.

કારકિર્દીના મુગટમાં એક યશકલગી ૨૦૨૨માં ઉમેરાઈ. પોલીસ ખાતામાં રાજ્ય સ્તરે સર્વશ્રેષ્ઠ કામગીરી બજાવતા અધિકારીઓને રાજ્ય સરકાર ઇન્ડિયન પોલીસ સર્વિસ એટલે આઈપીએસમાં નોમિનેટ કરે એવી એક વ્યવસ્થા છે. પન્નાબહેન કહે છે, ''કયા અધિકારીઓનું નોમિનેશન કરવું એ રાજ્ય સરકારની મુનસફી પર હોય છે. નોમિનેશન પછી જેની પસંદગી થાય એ અધિકારી રાજ્ય પોલીસ અધિકારીમાંથી કેન્દ્રીય એટલે આઈપીએસનો હિસ્સો બને.'' એમાં પન્નાબહેન સિલેક્ટ થયાં. ત્યારથી તેઓ ગુજરાતમાં આઈપીએસ કેડરનાં અધિકારી તરીકે સેવા આપે છે. દરમિયાન સુરતમાં ડીસીપી ઝોન ફોર તરીકે સેવા આપીને હવે, ૨૦૨૨થી વડોદરા શહેરના ઝોન ફોરનાં ડીસીપી છે.

એમના ખાતામાં બોલતી બેએક સિદ્ધિનો ઉલ્લેખ કરીએ. સપ્ટેમ્બર ૨૦૧૪માં ચીની પ્રમુખ શી જિનપિંગ સજોડે ભારત આવ્યા. તેઓ કોલંબોથી અમદાવાદ પહોંચ્યા હતા. વિદેશી પ્રમુખના માનમાં ગાર્ડ ઓફ ઓનરની વિધિ થાય છે. જિનપિંગ અને એમનાં જીવનસંગિની પેન્ગ લિયુઆનને ગાર્ડ ઓફ ઓનર આપવાનું બહુમાન પન્નાબહેનને મળ્યું હતું. એવી જ રીતે, ૨૦૧૭માં જાપાનીઝ પ્રમુખ શિન્ઝો એબી અને એમનાં પત્ની અકી માત્સુઝાકી ભારત આવ્યાં હતાં. દેશમાં એમનાં પર્સનલ સિક્યોરિટી ઓફિસર તરીકે સેવા આપવાનું બહુમાન પન્નાબહેનને મળ્યું હતું, "આપણું વિદેશ મંત્રાલય, ગૃહ મંત્રાલય અને પ્રોટોકોલ ડિપાર્ટમેન્ટ, ત્રણેય ચુનંદા અધિકારીઓની યાદી જે તે દેશના ઉચ્ચ અધિકારીઓને મોકલે. સઘન તપાસ પછી મહેમાન દેશ ઠરાવે કે એમના વડા માટે કયા ભારતીય અધિકારીને નિયુક્ત કરવા."

પન્નાબહેનનું જીવન બેહદ વ્યસ્ત છે. અંગત જીવનની વાત કરીએ. ૨૦૧૯માં એમનાં લગ્ન ખેડાના નિકુંજભાઈ સાથે થયાં. દંપતીને હીરવા નામે દીકરી છે. રાત-દિવસ જોયા વિના ખાંડાની ધારે ચાલતા દેશસેવા કરનારા લોકોમાં પોલીસ અધિકારીઓ ઉપલા સ્થાને છે. જ્ઞાતિમાં આવા રત્નનું હોવું અભિમાનની વાત છે.

પન્નાબહેનનું એક ઓછું જાણીતું પાસું એમની ઊંડી ધર્મરુચિ છે. જીવવિચાર, નવતત્ત્વ, તત્ત્વાર્થસૂત્ર, કર્મગ્રંથનો અર્થ સમજવા સાથે તેઓએ અભ્યાસ કર્યો છે. હાલમાં કમ્મપયડિનો અભ્યાસ કરી રહ્યાં છે. ફરજ નિભાવતાં સમય કેવી રીતે મળે છે? પન્નાબહેન કહે છે, ''જ્યાં પોસ્ટિંગ હોય એની આસપાસ હાજર સાધુ-સાધ્વીજીનું માર્ગદર્શન મેળવતી રહું છું. સુરતમાં મેં એક પંડિતજીની સેવા માત્ર મારા ધાર્મિક અભ્યાસ માટે લીધી હતી.''

## વિચારસત્ત્વ

પોલીસ ખાતામાં જોડાવા વિશે ઘણાના મનમાં દ્વિધા હોય છે. ખાસ કરીને મહિલાઓમાં. પન્નાબહેન

માર્ગદર્શન આપતાં કહે છે, ‘‘સામાન્ય ધારણા જેવું કશું નકારાત્મક પોલીસ ખાતામાં નથી. હા, મહેનત બહુ કરવી પડે, સતર્ક રહેવું પડે. જોકે એવું તો કોઈ પણ ક્ષેત્રમાં જરૂરી છે, રાઇટ? મહિલાઓ આ ક્ષેત્રમાં કારકિર્દી ઘડી શકે છે એમાં સંદેહ નહીં રાખો. સમાજને સંતુલિત રાખવા માટે મહિલાઓએ પોલીસ ખાતામાં મોટી સંખ્યામાં જોડાવું જોઈએ. આપણે જૂની માનસિકતા મૂકીને આવા અગત્યના વિભાગમાં આગળ વધીશું તો દેશસેવા કરી શકીશું અને જ્ઞાતિને પણ લાભ થશે.’’ અને તેઓ ઉમેરે છે, ‘‘અથાક મહેનત કરો. એ મામલે બાંધછોડ કરીને કોઈ આગળ વધી શકતું નથી. સિદ્ધિ અને સફળતા મહેનત વિના અધૂરી છે.’’

## સેવાવિશ્વ

પોલીસ અધિકારીની સેવા જુદા પ્રકારની હોય છે. પન્નાબહેને પ્રદીર્ઘ કારકિર્દીમાં અનેક પેચીદા કેસની તપાસ કામગીરીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. હાલમાં વડોદરામાં ગાજેલા ગૌમાંસનાં સમોસાંના મામલામાં પહેલી માહિતી પન્નાબહેનને મળી હતી. એમના નેતૃત્વમાં થયેલી તપાસમાં શહેરના છિપવાડ વિસ્તારમાંથી સમોસાં માટે વપરાતા ગૌમાંસનો મોટો જથ્થો પકડી પાડવામાં આવ્યો હતો. છ જણ સામે ગુનો નોંધીને સમોસાં વેચનાર પિતા-પુત્ર સહિત આઠ આરોપીઓની ધરપકડ થઈ હતી. મામલાનો રેલો વડોદરા ઉપરાંત ભાલેજ અને આણંદ પણ પહોંચ્યો હતો. પન્નાબહેન સાથે અન્ય બાહોશ પોલીસ અધિકારીઓએ પણ એમાં નોંધપાત્ર કામગીરી બજાવી હતી.

૨૦૨૨માં વડોદરાના સાંઈબાબા મંદિરે તોડફોડ કરનારા આરોપીઓને પકડી પાડનારી અધિકારીઓની ટીમમાં પન્નાબહેન હતાં. કોરોનાકાળમાં પન્નાબહેન પોતાને કોરોના થવા છતાં પણ ફરજાવિમુખ થયાં નહોતાં. તેમણે કોરોનાપીડિત નાગરિકોની સેવા સ્વજનની રૂએ કરી હતી. વિદેશ વસતાં એક બહેન ફ્લાઇટ્સ બંધ હોવાથી માતાની અંત્યેષ્ટિ માટે સ્વદેશ નહીં આવી શક્યાં, તો પન્નાબહેને એમની માતાને અગ્નિદાહ આપ્યો હતો. એ મહિલાના નાનકડા સંતાનની અંગત કાળજી પણ રાખી હતી. ૨૦૧૮ના અમદાવાદના ચકચારભર્યા રેપ કેસની તપાસમાં પણ અગત્યની ભૂમિકા ભજવી હતી.

એમની સેવાનો એક આયામ જિનશાસનને સમર્પિત છે. સુરતમાં પોસ્ટિંગ વખતે સમાજનો એક કિસ્સો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. પન્નાબહેને શાસનહિતમાં એને થાળે પાડવા યોગદાન આપ્યું હતું. મામલો કંઈક આવો, ‘‘એક મુમુક્ષુ બહેનને પરિવારજનો દીક્ષા લેવા દેતા નહોતાં. તેઓ ઘર છોડીને મહારાજ સાહેબ પાસે જતાં રહ્યાં હતાં. પરિવારે પોલીસ ફરિયાદ કરતાં પ્રવાહી સ્થિતિ થઈ હતી. સમજાવટ કરીને મામલો થાળે પાડવાનું મારા ભાગે આવ્યું હતું. મને આનંદ છે કે પરિવારને સમજાવીને હું ઉકેલ લાવી શકી હતી.’’ આજે મુમુક્ષુ બહેન મહારાજ સાહેબ તરીકે શાસનસેવા કરી રહ્યાં છે. એવી જ રીતે, જિનશાસનનાં દેરાસરોની જમીન પર અતિક્રમણના કિસ્સાઓમાં, સાધ્વીજી ભગવંતોના સુરક્ષિત વિહારમાં, દુર્ઘટના વખતે સારવારમાં, ક્યારેક અસામાજિક તત્ત્વ સાધ્વીજી ભગવંતની છેડતી કરે એવા મામલામાં પણ આખા ગુજરાતથી હાકલ પડ્યે પન્નાબહેન તમામ મદદ કરે છે. એમના શબ્દોમાં, ‘‘શાસન માટે જ્યાં કાયદાની જરૂર પડે ત્યાં પંથ કે ફિરકાનો વિચાર કર્યા વિના હું બનતું બધું કરું.’’

## અને પ્રકાશ સમીક્ષા વિશે...

‘‘આપણી નાની પણ સશક્ત જ્ઞાતિમાં પ્રકાશ સમીક્ષાનું હોવું વરદાન છે,’’ આપણા સામયિકની વાત કરતાં પન્નાબહેન કહે છે, ‘‘આપણે આખી દુનિયામાં ફેલાયેલા છીએ. કચ્છ, મુંબઈ, અમદાવાદમાં ખાસ્સા જ્ઞાતિજનો છે. નાનામાં નાના ગામ કે વિદેશમાં વસતા જ્ઞાતિજનો વિશે જાણવા આપણી પાસે પ્રકાશ સમીક્ષા સર્વોત્તમ વિકલ્પ છે.’’ એની તટસ્થતા અને ગુણવત્તાથી તેઓ પ્રભાવિત છે. તેઓ કહે છે, ‘‘પ્રકાશ સમીક્ષાની સદી જ્ઞાતિનો મહોત્સવ છે. ખૂબ ખૂબ વધાઈઓ.’’

**નમ્ર નિવેદન :**

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.

વનિતા
વિશ્વ

# WOMEN'S DAY SPECIAL

- માલતી હરીશ ધરમશી-નવી મુંબઈ, Mo. 98692 89345
E-mail : maltidharamsi@gmail.com



પરિચયઃ આજના "Woman 's Day Special" ના લેખિકા છે શ્રીમતી વિમલાબેન હેમરાજ ગોશર, ગામ બાયઠ (ઘાટકોપર). આપણા કન્યા છાત્રાલયમાં ભણતી દરેક દીકરી એમને ઓળખતી જ હશે. કેમકે વિમલાબેન આ કન્યા છાત્રાલયમાં છેલ્લા ૪૨ વર્ષથી સક્રિય કાર્યકર્તા છે અને હાલમાં એ પ્રમુખપદ પર બિરાજમાન છે.

એમણે M.A. in Economics with first class ( merit holder)નો અભ્યાસ કર્યો છે. ૩૦ વર્ષ SNDT College માં professor રહી ચુક્યા છે, હવે નિવૃત્ત છે. વિદ્યાર્થી સંઘ, તેમજ મુંબઈ મહાજન વ્યવસ્થાપક સમિતિના ભૂતપૂર્વ સભ્ય, કુંવરબાઇ નરશી નાથા ટ્રસ્ટના ભૂતપૂર્વ ટ્રસ્ટી પણ રહી ચૂક્યા છે. એમણે પોતાના કાર્યકાળ દરમિયાન ઘણાં બધા એવોર્ડ મેળવ્યા છે. તો ચાલો હવે એમનો લેખ વાંચીએ અને બિરદાવીએ.

**यूं ही नहीं गूंजती किलकारियां, घर आंगन के कोने में।**
**जान हथेली पर रखनी पड़ती है, मां को मां होने में ।।**

નારી દિવસની સૌને હાર્દિક શુભેચ્છાઓ. ૮ માર્ચ એટલે નારી દિવસ આપણે ઉજવીએ છીએ. પણ એ નારી દિવસે આપણે નારીની મહાનતા, એની શક્તિ, એનો ઉત્સાહ, એનો આત્મવિશ્વાસ અને મળતી પ્રેરણાને યાદ કરીએ છીએ. સ્ત્રીની સરખામણી કે તુલના પુરુષો સાથે ન કરવી જોઈએ. એનું સ્થાન જુદું જ અને અનોખું હોય છે. ચંદ્ર અને સૂરજની તુલના એકબીજા સાથે ન કરવી જોઈએ કારણ કે જેનો સમય જ્યારે આવે છે ત્યારે એ ચમકે છે.

મારું ચર્ચગેટ અને સીએસટી જવાનું ઘણીવાર થાય છે. સવારના ત્યાં જવાનું થાય ત્યારે એ સ્ટેશન પર ઉતરી બાજુ પર સુરક્ષિત ખૂણામાં કોઈ જગ્યા પર ઉભી રહીને; જ્યારે ટ્રેન આવે અને એમાંથી ઝડપથી ઉતરતી અને જોશમાં પોતાના કાર્યસ્થાને-ઓફિસ જતી નારીઓને જોવાનું મને બહુ જ ગમે છે. એમના સુંદર પરિધાન પછી તે સાડી હોય કે સલવાર કમીઝ, ફ્રોક હોય કે જીન્સ પેન્ટ, શર્ટ કે ઓફિસ સૂટ હોય જોવાનું મને બહુ ગમે છે. એમના ખભા પર લટકતી સુંદર વિવિધ આકારની પર્સ કે પાછળ બેગમાં રાખેલું લેપટોપ બધું આકર્ષક અને સુંદર લાગે છે. આત્મવિશ્વાસ સાથે મોબાઇલ પર બોલતી અને એટલી જ ઝડપથી ચાલતી નારીને જોઈને મને થાય છે આ સપના, આત્મવિશ્વાસ, સંઘર્ષ અને મહેનત જ એમને જીવનની હરીફાઈમાં જીતાડે છે.

સવારથી રાત સુધી પોતાના ઘર અને પરિવારની સુરક્ષા, આનંદ અને ચિંતાને લઈને એ ચાલે છે ત્યારે એ ક્યારેય થાકતી નથી. હિંમતથી પોતાની સફર ચાલુ રાખે છે. મન બધા પાસે હોય પણ શક્તિશાળી, સુંદર, પ્રેમાળ, મનોબળ એ નારી પાસે જ હોય. નારીએ રાજકારણ, સામાજિક અને આર્થિક સ્તર પર નાના મોટા અને ગમતા કામો કરતું રહેવાનું. આનાથી ઘર અને પરિવારને આર્થિક સ્વતંત્રતા, પોતાની શક્તિને-ગુણોને અને કલાને ખીલવાનો અને વિકસિત કરવાનો આનંદ અને અવસર મળશે.

**नायाब हीरा बनाया है हम सबको रब ने**
**मगर चमकते वही है जो तराशे जाते हैं..**

ઈશ્વરે બધી જ સ્ત્રીઓને હીરા જેવી બનાવી છે . પણ જે હીરાને ઘસીને સુંદર આકાર આપી ચમકાવવામાં આવે છે એનું તેજ અને ચમક જુદી જ હોય છે.

આપણે પણ ઉદાર અને સારા વિચારોથી નારીઓને સમાજમાં આગળ આવવાનો અવસર આપીએ .

मेहनत करो, आगे बढ़ो ; नारी को भी संघर्ष और मेहनत करनी ही चाहिए । चुनौतियों से सीखने की आदत डालनी चाहिए । जो दिया जलेगा उससे ही उजाला होगा। यह सच है फिर से एक बार महिला दिन पर ढेर सारी शुभकामनाएं ।

**- વિમલા હેમરાજ ગોશર -બાયઠ (ઘાટકોપર )**
**મો. ૭૭૧૮૦ ૨૦૩૭૩**

WOMAN'S DAY SPECIAL

कार्येषु – दासी, कर्मेशु – मंत्री,
भोज्येषु – माता, शयनेशु – रंभा,
रूपेषु – लक्ष्मी, क्षमायेषु – धरती,
शत धर्म – युक्ता, कुल धर्म पत्नी.

આનો અર્થ :

कार्येषु दासी – કામમાં દાસી જેવી સેવા કરતી હોય.

कर्मेशु मंत्री – કાર્ય અને નિર્ણયમાં મંત્રી જેવી સમજદાર સલાહ આપતી હોય.

भोज्येषु माता – ભોજન કરાવવામાં માતા જેવી કાળજી રાખતી હોય.

शयनेशु रंभा – શયન સમયે રંભા જેવી પ્રેમાળ અને મૃદુ સ્વભાવની હોય.

रूपेषु लक्ष्मी – રૂપમાં લક્ષ્મી જેવી સુંદર અને શોભાયમાન હોય.

क्षमायेषु धरती – ક્ષમામાં ધરતી જેવી સહનશીલ અને ક્ષમાશીલ હોય.

शत धर्म युक्ता – સો પ્રકારના ધર્મ અને સુણોથી યુક્ત હોય.

कुल धर्म पत्नी – એજ એક સાચી ધર્મ પત્ની હોય છે.

આ શ્લોકનો સાર એવો છે કે આદર્શ પત્નીમાં સેવા, બુદ્ધિ, માતૃત્વ, સૌંદર્ય, પ્રેમ અને ક્ષમાશીલતા જેવા અનેક ગુણો હોવા જોઈએ.

Englishમાં આનો અર્થ છે:

Works like a servant , Advises like a minister, Feeds like a mother, Pleases in bed like a heavenly beauty Rambha, Beautiful like Goddess Lakshmi, Having patience like Earth, Woman who has these six virtues is a

"GOOD HOUSE WIFE"

પરંતુ આજ ના સમયમાં આ કેટલું લાગુ પડે છે???

**૮ મી માર્ચ અંતરરાષ્ટ્રીય મહિલા દિવસ**

**ચર્ચાને ચોતરે ચાલુ....** પાના નં. ૮થી

મેળવવામાં શરમ કરવી જોઈએ નહીં અને સમાજના દરેક સભ્યોને આ યોજનાનો લાભ મળે તે માટે જરૂરથી મહેનત કરવી જોઈએ. આ અંગેના જાણકાર આગળ આવે અને સમાજની ઉન્નતિમાં પોતાનો ફાળો આપે એ આજના સમયની માંગ છે.

**એડ. કેતન મધુકાંત લોડાયા-કોઠારા**
**(ગાંધીધામ), મો.:૯૮૭૯૫૨૨૬૪૨**

## ક.દ.ઓ.ના આગામી કાર્યક્રમો

**તા. ૧૨ થી ૧૬ માર્ચ ૨૦૨૬ :** શ્રી ક.દ.ઓ. ડોંબિવલી મંડળમાંથી સહાય લેતા સાધર્મિકો માટે / સાથે સંપૂર્ણ નિઃશુલ્ક પાવાગઢ –પાલીતાણા– ગિરનાર યાત્રા પ્રવાસ.

**તા. ૧૨ થી ૧૪ માર્ચ ૨૦૨૬ :** બાગલકોટ– શ્રી નવગ્રહ જૈન તીર્થ– ધ્વજારોહણ મહોત્સવ

**તા. ૨૨-૨૩ માર્ચ ૨૦૨૬ :** શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ, વરાડીયા સંચાલિત શ્રી ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજી તથા શ્રી ભલારા દાદા મંદિર ધ્વજારોહણ મહોત્સવ

**તા. ૨૭-૨૯ માર્ચ ૨૦૨૬ :** શ્રી તેરા– શ્રી ભલારા દાદા સ્થાનકઃ ભૂવાજી ચયન વિધિ.

**તા. ૨૯.૦૩.૨૦૨૬ :** ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ તથા એમના વાલીઓ માટે કેરીયર પ્લાનીંગ ગાઇડંસ સેમિનારઃ સવારે ૧૦.૩૦ થી બપોરે ૧.૦૦ ક. : વી.એલ.વી.જી, ઘાટકોપર, મુંબઈ. રજી. જરૂરી ૯૯૬૭૯૧૪૫૬૭.

**તા. ૨૯.૦૩.૨૦૨૬ :** શ્રી રંગપુર, સામતાણી, નાગડા પરિવારના શ્રી કુળદેવી અંબામાતાની ૧૭મી પહેડી. સાંજે ૩ થી ૯, આનંદ બજાર હોલ, ગુપ્તે રોડ, ડોંબિવલી (વેસ્ટ).

**તા. ૧૧.૦૪.૨૦૨૬ :** શ્રી સમસ્ત ક.દ.ઓ. સચ્ચાઇ પરિવાર આયોજિત શ્રી સચ્ચાઇ માતાજીની સમુહ પહેડી – આર. આર. સભાગૃહ, મ્હાડા કોલોની, મુલુંડ ઈસ્ટઃ સાંજે ૪.૦૦ ક. થી.

**તા. ૧૯.૦૪.૨૦૨૬ :** શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિ.) શ્વે. જૈન સંઘ આયોજિત વરસીતપ પારણાઃ રિચર્ડસન ક્રુડાસ, મુલુંડ વેસ્ટ. રજી. અંતિમ તા. ૧૪.૦૨.૨૬. સંપર્કઃ ૯૮૨૦૫૬૫૨૬૧

## ને તમે યાદ આવ્યા.....

જીવન વ્યસ્ત છે, હસવું પણ શીખી લીધું છે,
લોકોની વચ્ચે રહીને જીવવું પણ  શીખી લીધું છે,
પણ અંદરના ખૂણે જે ખાલીપો બેસી ગયો,
ને તમે યાદ આવ્યા.

ઉગતો કે ઢળતો હોય સૂરજ, એને જોઈ મનમાં થાય અરજ.
ચાંદ પોતાની ચાંદનીમાં ખીલ્યો હોય,
ને આકાશ રંગબેરંગી રંગમાં રંગાયો  હોય
હવાઓ મધ મીઠી સુગંધ પસરાવતી  હોય,
એવામાં હૃદયમાં રોશનીનો દીવો ધબકવા લાગ્યો...
ને તમે યાદ આવ્યા.

એક કપ ચા મળે એલચીવાળી, મનમાં થાય હરિયાળી
શબ્દો શોધતી આંખોમાં, મસ્ત મીઠી યાદોમાં
દિલની ધડકનમાં મનમંદિરની ઘંટી વાગી....
ને તમે યાદ આવ્યા.

સુસવાટા મારતા શીતલ પવને હળવેથી સ્પર્શ કર્યો,
જાણે કોઈએ કાનમાં મધુર રસ હોય ઘોળ્યો.
આખા શરીરમાં જાણે એક આનંદનો ઝરણો  ફર્યો...
ને તમે યાદ આવ્યા.

કુદરતની  અદભુત સુંદરતા, ફૂલોથી ભરેલા ઝાડ કેસુડાના,
ખડ ખડ વહેતુ નદીનું નીર, ને પક્ષીઓનો મીઠો કલરવ,
ઉપર વિશાળ ગગન ને નીચે ધરતીનો ખોળો જોઈ...
ને તમે યાદ આવ્યા.

જ્યાં અચાનક નજર અટકી, યાદ આવી ગઈ કાનુડાની મટકી
જુના કોઈ સંભારણા થશે ટકોર બારણે સ્મૃતિના દરેક વળાંકે,
સમય થંભી ગયો કોઈ કારણે...     ને તમે યાદ આવ્યા.

એ સ્મિતના પહેલા અહેસાસમાં,
એ સમજ્યા અણસમજ્યા ભાવોમાં
એ શરમાતી મુસ્કાનમાં, હળવી રેખા હોય હોઠો પર
જાણે ખુશીઓને લાગ્યા પર
અને ફૂલોની બિછાવી હોય ચાદર હોઠો ની મુસ્કાન જોઈ...
ને તમે યાદ આવ્યા.

શાંત છે મોબાઈલની રિંગટોન, હવે આવશે કોઈનો ફોન
છે કોઈના પ્રેમના સંદેશની રાહ પ્રેમભરી વાતોની છે  ચાહ
ને દિલના કોઈએ ખૂણેથી નિકળે આહ...
ને તમે યાદ આવ્યા.

લાગણી ક્યારેય નથી કરતી શોર,
કરે છે થનગાટ જાણે નાચતો મોર,
પ્રેમ વસે છે મૌનમાં, રગ રગમાં, નસ નસમાં,
મીઠો લાગે અદ્રશ્ય બંધન, જેને સમજાય તેને વંદન,
થનગાટ કરતો મોર જોયો....
ને તમે યાદ આવ્યા.

ન કહી શકાય એવી મસ્ત મીઠી લાગણી,
સંવેદના-ભાવના તનમનમાં સમાણી,
ન ભૂલી શકાય એવો સ્પર્શ
એનો વિચાર કરતા મનમાં આવે હર્ષ,
ન હોવા છતાં હોવાનો અહેસાસ,
મારા વિચારોમાં હોય તમારો વાસ.
આ અજાણ્યો અહેસાસ થયો ....
ને તમે યાદ આવ્યા.

નજર બંધ કરું તો દેખાય તમારો મોહક ચહેરો,
મારા મન મંદિરમાં છે તમારા પ્રેમનો પહેરો,
નજરકેદમાં કેદ થવા છું તૈયાર
મારા દિલ પર થયો છે  તમારો વાર
મારી માટે તો શું સાંજ ને શું સવાર.
દિલની મળી કારાવાસ.....
ને તમે યાદ આવ્યા.

તાલના હરેક સ્વરમાં, આલાપના રાગમાં, મધુર ગીતોમાં,
ગિટાર વાગે છે દિલમાં, સંગીત ગુંજે કાનોમાં,
ને જયારે વાજિંત્રો સંભળાવે  મીઠી ધૂન,
ને જીવન બન્યું સંગીતમય.....ને તમે યાદ આવ્યા.
પામવું કે છીનવી લેવું પ્રેમ નથી
કે નથી પ્રેમ બળજબરીના બંધનમાં,

કોઈની યાદમાં રહેવું, કોઈના મનમાં રહેવું
કોઈની મુસ્કુરાહટમાં રહેવું,
કોઈની ખુશીમાં રહેવું  એ બંધનમુક્ત પણ પ્રેમ જ છે,
કોઈના થયા હોવાનો અહેસાસ  થયો ....
ને તમે યાદ આવ્યા.

બેંચ પર બેસી કરેલી એ બેફામ વાતો, વગર કારણ હસવું,
એક ફોટો હાથમાં આવ્યો અચાનક,
ને આંખોમાં સ્મિત છલકાઈ ગયું ઝટક,
એ મીઠી પળોની યાદ આવી .....
ને તમે યાદ આવ્યા.

જીવન સૌને અલગ દિશામાં લઈ ગયું,
કોઈ નજીક, કોઈ દૂર બહુ થઈ ગયું,
પણ મિત્રતા એ અંતર નથી ઓળખતી,
એ તો યાદમાં પણ દિલ ધબકતી,
ક્યારેક મળીએ તો ફરીથી જીવશું,
જાણે સમય કદી ગયો જ નથી,
સમયના આ અંતરમાં ખયાલ તમારો આવ્યો...
ને તમે યાદ આવ્યા.

રસ્તા એ જ હતા, શહેર એ જ હતું,
પણ ચાલવામાં હવે પહેલો આનંદ ન રહ્યો,
દરેક વળાંક પર કોઈ રાહ જોતું હોય એમ લાગ્યું,
પગલાં થોભી ગયા...
ને તમે યાદ આવ્યા.

સાંજના મૌનમાં જ્યારે દીવો ધીમે ધીમે ઝબકે,
પવનના સ્પર્શે મનની યાદો અચાનક ચમકે,
એક ક્ષણમાં રોકાઈ ગયું સમયનું વહેણ હૃદયના ખૂણે...
ને તમે યાદ આવ્યા.

રાત લાંબી લાગી, પણ ઊંઘ આવવાનું મન ન થયું,
વિચારોની ભીડમાં મન એકલું થઈ ગયું,
દરેક શ્વાસ સાથે કોઈ નામ ઉભરી આવ્યું,
ને શ્વાસ લેતા લેતા...
ને તમે યાદ આવ્યા.

જૂના સંદેશા આજે પણ સાચવી રાખ્યા છે,
અક્ષરો જૂના થયા, ભાવ ક્યારેય નથી,
એક વાક્ય વાંચતા જ આંખો ભરાઈ આવી,
ગળે ભરાઈ ગયો ડૂમો, થર થર કરતા હોઠ કંપ્યા..
ને તમે યાદ આવ્યા.

ફરી મળી જઈએ તો શું કહેશું એકબીજાને?
શબ્દો ઓછા પડશે કે આંખો બધું કહી દેશે?
આ પ્રશ્ન સાથે જ દિલ ધબકતું રહી ગયું,
અને એ ધબકારમાં..
ને તમે યાદ આવ્યા.

હવે ફરિયાદ નથી, માત્ર સ્વીકાર છે,
કેટલાક સંબંધો યાદ બનીને જ પૂર્ણ થાય છે,
એવી દરેક અધૂરી લાગણી સાથે આજે પણ, હળવે હળવે..
ને તમે યાદ આવ્યા.

કહે કનુ અરિહંત ને,
ફક્ત દુઃખમાં જ નહીં પણ સુખની ક્ષણોમાં, આનંદની પળોમાં,
આંખો બંધ કરું , બન્ને હાથ જોડું ને તમે યાદ આવજો
જો ભૂલ કરી તો સમજ આપજો,
થાકી જાઉં તો હિંમત આપજો
મારા મન મંદિરમાં તમારા નામનો દીવો પ્રજ્વલિત રાખજો
મારા આરંભથી અંત સુધી તમે યાદ આવજો.

**– કનક જયેશ અજાણી માટુંગા (કોઠારા)**
Email: kanakjajani@gmail.com

**Exclusive Embroidery uptodate finishing**
જ્યોતિ
Sarees Since 1976
Matunga (E)
Kasab-Zik Kasab-Pita-Butkasab
Chaniacholi-Sarees-Borders
Gharchola-Bandhni-Patola
Behind Arora Theatre, Ph.: 022-2404 3995 / 83692 52836
Follow us on instagram @jyotisaree  (SUNDAY CLOSED)

**આરોગ્ય પ્રકાશ**

# રસોડાની આરોગ્યદાયી ચીજો -૨

- **ડૉ. વીરચંદ લખમશી નાગડા,** M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



**સૂંઠ :** તીખી, ખોરાક પચાવનાર, અજીર્ણ, આમવાત, પેટની ગડબડ, ઝાડામાં ઉપયોગી, વાયુ દૂર કરે, શરીરને બળ અને પૃષ્ટિ આપે. શરદી, ઉધરસ, દમમાં ઉપયોગી, શરદી, ઉધરસ તાવ, કફ હોય ત્યારે તુલસી-મરી-લવંગના કાઢામાં અદરકને બદલે સૂંઠ વાપરી શકાય, સૂંઠ કફ અને વાયુના તમામ રોગ મટાડે. ઘરગથ્થુ ઈલાજ તરીકે સંપૂર્ણ દુનિયામાં સૂંઠ વપરાય છે. અશક્તિ, લો બી.પી., શરીરના દુઃખાવા માટે ઉપયોગી. ભૂખ ન લાગતી હોય તેને માટે સૂંઠ એ અકસીર ઈલાજ છે. કોઈપણ પ્રકારના ઝાડામાં સૂંઠ જેવું એકેય ઔષધ નથી. શરીરના દુઃખતા ભાગ પર સૂંઠનો લેપ કે બારીક ચૂર્ણ ઘસવાથી ફાયદો થાય છે.

**આદુ :** તીખું, ગરમ, ભૂખ ઉઘાડનાર, ખોરાકનું પાચન કરનાર, વાયુના સર્વ પ્રકારના રોગોમાં ઉપયોગી, આંતરડાના રોગો માટે મહત્ત્વનું ઔષધ, સંધિવાત આમવાત, પક્ષઘાતમાં રાહત આપે. શરદી, ઉધરસ, દમ, ગળાની તકલીફમાં આદુ ચૂસવાથી ફાયદો થાય. અદરખ સૂકવીને જ સૂંઠ બને છે એટલે સૂંઠના દરેક ગુણધર્મ અને ફાયદા આમાં છે. શરદી, ઉધરસ, બેક્ટેરીયા અને વાયરસના તાવમાં આદુ-તુલસી-મરી-લવંગ-અરડુસીનું ૧ પાન કુટીને પાણીમાં ઉકાળ્યા બાદ ડાયાબિટીઝ ન હોય તે ગોળ નાખી નવશેકુ ગરમ દિવસમાં ચારેક વખત પીવું. મુસાફરીમાં વાહનમાં જેને ફેર ચડે, ચક્કર આવે, ઉબકા જેવી તકલીફ હોય તેણે સૂકવેલા અદરખ (અદરકને મીઠું લગાવી સૂકવવાથી તીખું લાગતું નથી) ને ચૂસતા રહેવું. આમ કરવાથી સ્ટેસ હોર્મોન્સ કોર્ટીસોલ પર નિયંત્રણ થાય છે. અને તકલીફ થતી નથી. જેને ભૂખ લાગતી ન હોય તેણે આદુની કતરણમાં લીંબુ અને સિંધવ નમક મિક્સ કરી જમવાના અર્ધા કલાક પહેલાં લેવું. સાંધાના દુઃખાવા, ટોટલ કોલેસ્ટ્રોલ અને ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડે.

**ગુંદર :** ગુંદરના બે પ્રકાર છે, સાદો ગુંદર અને કળાયો (કતીરા) ગુંદર. અલગ અલગ ઝાડના ગુંદરના અલગ અલગ ગુણધર્મ હોય છે. ગુંદરમાં કેલશ્યમ ખૂબ હોય છે તેથી હાડકા અને દાંતને મજબૂત બનાવે, સાંધાને લ્યુબ્રીકેટ કરે તેથી સાંધાનું ઘર્ષણ ઓછું થાય જેથી તેનો દુઃખાવો ઓછો થાય. કીડનીને મદદ કરે જેથી લોહીની શુદ્ધતા વધારે. સુવાવડી સ્ત્રીઓ માટે ઉપયોગી, રક્તસ્ત્રાવ અટકાવે. પલાશ નામના ઝાડના ગુંદરને આવળાના રસ સાથે લેવાથી શરીર પૃષ્ટ થાય, માંસપેસી મજબૂત થાય. કરોડરજ્જુને મજબૂત બનાવે જેથી ગરદન, પીઠ, કમરની તકલીફવાળાને ઘણી રાહત મળે. સરગવાના ઝાડનો ગુંદર પોષણથી ભરપૂર હોય છે. દુઃખાવો, સોજા દૂર કરે, લોહીમાં સાકરને નિયંત્રિત કરે હાય બી.પી.ને કંટ્રોલ કરે. કળાયો ગુંદર દૂધમાં કે પાણીમાં ભીંજવી ફુલાય પછી ખાવું. ગરમીમાં ઠંડક આપે, પિત્તની સમસ્યા દૂર કરે, શક્તિ આપે, પાચન સુધારે, બરોડ (spleen) મજબૂત કરે, ત્વચા નિખારે, લૂ લાગવી કે ડીહાઈડ્રેશન-શરીરમાં પાણી ઘટવાની સમસ્યા દૂર કરે. હાડકા મજબૂત કરે. સાંધાના દુઃખાવા ઘટાડે. અર્જુન વૃક્ષનું ગુંદર બકરીના દૂધમાં પીસીને લેવાથી ભાંગેલું હાડકું જલ્દી જોડાય.


**મીઠું (નમક) :** વધુ નમક ખોરાકમાં લેવું હાનિકારક છે પણ રોજ ૫ ગ્રામ (૧ નાની ચમચી) જેટલું જ નમક લેવું જરૂરી છે, નહિં તો અશક્તિથી લઈને મગજના કાર્ય પર અસર થાય છે. ૧ ચમચી-૫ ગ્રામથી વધુ નમક લેવાથી હાઈ બી.પી., હૃદયરોગ, કીડનીની સમસ્યા થઈ શકે. બજારુ ફરસાણ પેકેટ્સમાં નમકનું પ્રમાણ ખૂબ વધુ હોય છે. તે ત્યજવું. નમક એન્ટીસેપ્ટીકનું કામ કરે. દાંત સાફ કરવા ફૂલેલી ફટકડીના પાવડર સાથે નમક ભેળવી તેમાં ૨ ટીપા રાઈનું તેલ નાખી ઘસવાથી દાંતની તકલીફ થતી જ નથી. રાઈના તેલમાં મીઠું નાખી છાતી પર માલીશ કરવાથી કે મીઠા અને અજમાની પોટલી બનાવી તેનાથી શેક કરવાથી કફ જલ્દી છૂટો થાય છે. (ક્રમશઃ)

## વડીલોનું વિશ્વ

# AI - AGE Improvements

## પરિવર્તનશીલ AI અને વરિષ્ઠ નાગરિકોની નવી જીવનદૃષ્ટિ

તિલકચંદ કે. લોડાયા-ચેન્નઈ
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



ભારતમાં યોજાયેલી ગ્લોબલ AI સમિટે એક સ્પષ્ટ સંદેશ આપ્યો – ટેકનોલોજી હવે વૈકલ્પિક નથી, જીવનનો અંગ બની રહી છે. દુનિયા ઝડપથી બદલાઈ રહી છે. પ્રશ્ન એ છે કે વરિષ્ઠ નાગરિક તરીકે શું આપણે પણ આ પરિવર્તનનો ભાગ બનીશું?

રૂપાંતરનો અર્થ ઉંમર બદલવો નથી; રૂપાંતરનો અર્થ છે મનોભાવ બદલવો.

વૃદ્ધ શબ્દ ઘણીવાર થાક અને નિવૃત્તિનો સંકેત આપે છે, જ્યારે વરિષ્ઠ નાગરિક અનુભવ, પરિપક્વતા અને માર્ગદર્શનનું પ્રતિક છે.

ઉંમર આંકડો છે; દૃષ્ટિ શક્તિ છે.

એક વ્યક્તિ સમયને દોષ આપે છે, બીજી સમય સાથે તાલ મિલાવે છે. અંતર માત્ર વલણનું છે.

આજના યુગમાં AI વરિષ્ઠ નાગરિકો માટે અત્યંત ઉપયોગી સાથી બની શકે છે. દવાઓ માટે સ્મરણ-સૂચનાઓ, ઓનલાઈન તબીબી પરામર્શ, સંતાનો સાથે વિડિયો સંવાદ, નવા વિષયો શીખવાની તક, દૈનિક આયોજનમાં સહાય – આ બધું જીવનને વધુ સુવ્યવસ્થિત અને સુખદ બનાવી શકે છે.

AI- AGE IMPROVEMENTS – ઉંમર ઘટાડતું નથી, પરંતુ ઉંમરને સરળ બનાવે છે.

સાચું પરિવર્તન ટેકનોલોજી શીખવાથી પહેલાં મનના ભયને દૂર કરવામાં છે. મને આવડતું નથી ને બદલે હું શીખી શકું એ સ્વીકારવું જરૂરી છે.

વરિષ્ઠ નાગરિકો પાસે જીવનનો વિશાળ અનુભવ છે; ટેકનોલોજી સાથે તેનો સંયોગ તેમને વધુ પ્રભાવશાળી બનાવી શકે છે.

યુવાનો પાસે ઝડપ છે.

વરિષ્ઠ નાગરિકો પાસે દિશા છે.

AI પાસે સાધનો છે.

જ્યારે ઝડપ, દિશા અને સાધનો એકત્ર થાય, ત્યારે સમાજમાં સાચું અને સકારાત્મક રૂપાંતર સર્જાય છે.

ઉંમર કુદરતી છે, પરંતુ વિચાર સદાય યુવાન રહી શકે. પ્રશ્ન એ નથી કે પરિવર્તન આવશે કે નહીં; પ્રશ્ન એ છે કે આપણે તેને સ્વીકારી જીવનને નવી ઊંચાઈએ લઈ જઈશું કે નહીં. વરિષ્ઠ નાગરિક તરીકે આ સમય પાછળ રહેવાનો નથી – માર્ગદર્શક બની આગળ વધવાનો છે.

**ઉંમર વધે તો શું, ઉમંગ તો યુવાન રહે,**
**અનુભવની સંપત્તિથી મન સદા ધનવાન રહે.**
**આશાના દીવા રોજ પ્રગટતા જ રાખીએ,**
**જીવનના દરેક પળમાં નવાં અર્થ શોધી લે.**
**વર્ષો નથી ભાર, એ તો આશીર્વાદ છે,**
**દરેક સફરમાં છુપાયેલો અનુભવનો સાદ છે.**
**સ્મિતને સાથી બનાવી આગળ વધતા રહીએ,**
**વરિષ્ઠ વયે પણ જીવન એક મીઠો પ્રસાદ છે.**

**MEDI-CLAIM EXPERT**
**CLAIMS SETTLEMENT**
❖ REJECTED / DELAYED CLAIMS
❖ POLICY FROM ALL COMPANIES COVERED
**CONTACT EXPERT: 98208 53112**

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA
। પારસી ભરત અને બટકસબની સાડીઓ તૈયાર તેમજ ઓર્ડરથી । સાચી જરીની સાડીઓ બોર્ડર । જુના સાચા ઘરચોળા । કસબના ચણીયા-ચોલી બજારથી વધારે ભાવથી વેંચવા મહાવીર-માટુંગા લઈ આવો, તરત જ ફાઈનલ.
**શ્રી મહાવીર એમ્બ્રોયડરી**
રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલ્લીની સામે,
માટુંગા સે.રે. ૮૯૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦ સોમવારે બંધ

**સ્મૃતિ વિશેષ**

# આપણી જ્ઞાતિ ઈતિહાસનો કરૂણ અધ્યાય : ૧૯૪૪નો ગોદી ધડાકો - ૯



સં. રમેશ મુલજી લોડાયા - ભરૂડીયા (મુલુંડ) મો. ૯૮૨૦૩૩૬૭૬૭

**શેઠ શામજી કરમસી પાંચારીયા, જખૌ**

શામજી કરમસી પાંચારીયા આ વિનાશની ઘડીમાં સાચા માનવસેવી સાબિત થયા. તેમણે ટ્રક અને બેલગાડીની વ્યવસ્થા કરી કોટનગ્રીન (શીવરી) અને માંડવીથી લોકોને દાદર, માટુંગા, ભાયખલા અને ઘાટકોપર સુધી પહોંચાડ્યા. શામજીભાઈએ ભરી રિવોલ્વર સાથે માંડવી વિસ્તારમાં પેરો ભર્યો. પોતાની ઓળખથી જે મકાનમાં જઈ શકાય એમ હતું તેવા મકાનમાં વસવાટ કરનાર આપણાં જ્ઞાતિજનોને જઈ પોતાની ઘરવખરી ઝડપથી લઈ આવવા મદદ કરી. તેમણે પોતાના ઘાટકોપરના બંગલાના દરવાજા પીડિતો માટે ખુલ્લા કરી ૧૦૦-૧૫૦ જેટલા લોકોને રહેવાની તથા જમવાની સગવડ કરી. મુંબઈની મિલોમાંથી સાડીઓ, ધોતિયા, ઝબ્બા - લેંઘાનું કાપડ મંગાવી ઘરે દરજી બેસાડી જરૂરિયાતમંદોને નવા કપડાં પૂરાં પાડ્યા. એ વર્ષે તેમણે નોકરીઓ આપી જ્ઞાતિજનોને આર્થિક આધાર પણ પૂરો પાડ્યો.

**શ્રી કુંવરજી જેઠાભાઈ ધરમસી, સુથરી**

કુંવરજી જેઠાભાઈ ધરમસીની જાહોજલાલી હતી. બે ઘોડાની બગી અને સિગરામ પણ હતો. ઘરે ગાયો, ભેંસો રાખતા જેમાંથી આજુબાજુના ઈલાકામાં મફત છાસનું વિતરણ કરતા. લાલબાગ માર્કેટમાં એમની પટેલ તરીકેની છાપ. એમણે પ્રસિદ્ધ ગણેશોત્સવ (લાલબાગ ચા રાજા)ની સ્થાપના કરી. સને ૧૯૩૨ થી ૧૯૫૧ સુધી લાલબાગ વિસ્તારમાંથી મ્યુનિસિપલ કાઉન્સિલર રહ્યા. લાલબાગ માર્કેટને બૃહદ મહાનગર પાલિકા કુંવરજી જેઠાભાઇ મંડઇ નામ અપાયું. ધડાકા વખતે અસરગ્રસ્ત ૨૫૦ જ્ઞાતિજનોને લાલબાગમાં દેરાસર, ઓળખીતાઓને ત્યાં સગવડ કરી આપી તથા ૮ દિવસ રસોડું એમના ઘરે ચાલુ રાખ્યું.

**શ્રી ખીમજી માલસી ગોવિંદજી મોમાયા, જખૌ**

ધડાકા વખતે બનાવેલી સ્વંયસેવક ટીમમાં જોડાયા અને સેવા આપી. ઘાટકોપર સ્ટેશનની બાજુમાં આવેલો એમના બંગલા 'પ્રેમચંદ ટેરેસ'માં ૨૦૦ થી વધુ જ્ઞાતિજનોને દોઢ મહિનાથી વધુ સમય સુધી રહેવા અને ભોજન પૂરું પાડ્યું તથા દવાઓ, કપડા અને તમામ જરૂરી સહાય પૂરી પાડી સુંદર જ્ઞાતિ સેવા કરી.

**શેઠ શ્રી વાલજી લધાભાઈ લોડાયા, સુથરી,**

ઘણાં જ્ઞાતિજનોને પોતાના મુલુંડ સ્થિત બંગલામાં રહેવા તથા જમવાની સગવડ પૂરી આપી. તે ઉપરાંત આર્થિક સહયોગ આપ્યો. હોનારત વખતે જ્ઞાતિના ભાઈઓ વાલજી લધાની કું. માં નોકરી કરતા હતા તે દરેકને દીવાળી ઉપર બોનસ, મોંઘવારી ભથ્થા ઉપરાંત રૂા. ૧૦૦૦ સુધીની રાહત આપવામાં આવી.

**ઝવેરચંદ હેમરાજ મોતા, સુથરી**

ઝવેરચંદ હેમરાજ મોતા યુવા વયથી ક્રાંતિકારી વિચાર સરણી ધરાવતા હતા. પદમસી માણેકજી મૈશેરી (બોમ્બ) સાથે આઝાદીની ચળવળમાં સક્રિય. ધડાકા વખતે ઝવેરચંદભાઈ ડો. રાણા સાથે મળીને અઠવાડિયા સુધી સતત બચાવ કાર્યમાં લાગેલા રહ્યા. કાટમાળ હટાવી લોકોને બહાર કાઢવા, ઘાયલોને હોસ્પિટલ પહોંચાડવા અને વિખૂટા પડેલા પરિવારજનોને શોધવામાં તેમણે મહત્વપૂર્ણ સેવા આપી

**ઉમરસી જેઠાભાઈ કુરવા**

ઉમરસી જેઠાભાઈ કુરવાએ પીડિતો માટે ખાસ રાહત રસોડું શરૂ કર્યું. અનાજ એકત્ર કરવું, રસોઈ કરાવવી અને સ્વયંસેવકો ગોઠવવાની સંપૂર્ણ જવાબદારી તેમણે સંભાળી. રોજ સેંકડો લોકોને ભોજન પૂરું પાડવામાં સહયોગી બન્યા.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

જ્યારે લોકો માનસિક અને શારીરિક રીતે તૂટેલા હતા, ત્યારે આ ભોજન માત્ર ખોરાક નહીં, પરંતુ આશ્વાસન પણ બન્યું.

**મા. માનબાઈ પદમસી અને મા. મણીબાઈ ચીમનલાલ વર્ધમાન**

આ રાહત કાર્યમાં જ્ઞાતિની બહેનોનું યોગદાન પણ અસાધારણ રહ્યું. મા. માનબાઈ પદમસી અને મા. મણીબાઈ ચીમનલાલ વર્ધમાને ચાર મહિના સુધી આપણી મહાજનવાડીમાં રસોડુ ચલાવી અવિરત સેવા આપતી રહી. તેમણે બાળકો, વૃદ્ધો અને મહિલાઓ માટે વિશેષ સંભાળ રાખી, દૂધ-પાણી, દવાઓની વ્યવસ્થા કરી. તૈયાર કપડાં પોતાના ખર્ચે ખરીદી જેમને જે કપડાં પૂરા થાય તેમને આપ્યા. તેઓ માત્ર રસોડું ચલાવતી નહોતી, પરંતુ તૂટેલા દિલોને હિંમત આપતી માતૃસ્વરૂપા બની ગઈ હતી.

શરદચંદ્ર બી. મૈશેરી શરૂઆતથી જ રાહત કાર્યમાં જોડાયા. તેમણે પીડિત પરિવારોને અસ્થાયી રહેવાની જગ્યા શોધવામાં મદદ કરી, સરકારી કાગળકામ સમજાવ્યું અને ક્લેમ કેવી રીતે દાખલ કરવો તેની માર્ગદર્શન આપ્યું. ઘણા અશિક્ષિત પરિવારો માટે તેઓ માર્ગદર્શક બની ગયા.

રતીલાલ પદમસી નાગડાએ રાહત સામગ્રીના વિતરણ અને પરિવહન વ્યવસ્થાનું સંચાલન કર્યું. ટ્રક, બેલગાડી અને મજૂરો ગોઠવી અનાજ, કપડાં અને દવાઓ યોગ્ય સ્થળે પહોંચે તેની ખાતરી કરી.

હંસરાજ મેઘજી ગાલાએ તબીબી સહાય પર ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમણે દવાઓ ભેગી કરી, ડોક્ટરો સાથે સંકલન કર્યું અને ગંભીર ઘાયલોને હોસ્પિટલ પહોંચાડ્યા તથા સ્વયંસેવકોનું સંકલન કર્યું.

મુલજી લાલજી ખોનાએ બેઘર પરિવારો માટે શાળા, હોલ અને ઓળખીતાના ઘરોમાં તાત્કાલિક રહેવાની વ્યવસ્થા કરી. અનાજ અને દૈનિક જરૂરિયાતની વસ્તુઓ પહોંચાડવામાં પણ સેવા આપી.

ખીમજી મેઘજી ગાલાણીએ પીડિતોને આર્થિક સહાય અને સરકારી ક્લેમ ફાઈલ કરવામાં માર્ગદર્શન આપ્યું.

મેઘજી ખીમજી મોતા રાહત કેન્દ્રોમાં સ્વયંસેવક તરીકે દિવસ-રાત સેવા આપતા રહ્યા. ખોરાક અને કપડાં વિતરણમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.

ખંડવા મહાજને ખંડવા આવનારને ૩ મહિના વગર ભાડે આરડી, જરૂરી રાચરચીલું, અને ૨૫૧ રોકડ સહાયની જાહેરાત કરી. પારોલા મહાજને પણ આવનારાઓને જરૂરી સગવડ/સહાયની જાહેરાત કરી. કચ્છ રાજ્યે રાહતની પ્રાથમિક વ્યવસ્થા કરી તથા સંકટગ્રસ્ત પરિવારોને પરિવાર દીઠ રૂા. ૨૦૦ સુધીની રાહત નક્કી કરી.

આ ઉપરાંત શ્રી વસનજી વેલજી નરપાર ખોના, શ્રી પદમસી ખેતસી પટેલ, શ્રી પદમસી કરમસી છેડા, શ્રી ઝવેરચંદ પદમસી લોડાયા, શ્રી વેલજી કાનજી મૈશેરી વગેરે અનેક જ્ઞાતિજનો આગળ પડી મદદરૂપ થયા.

જ્યારે સમગ્ર શહેર તૂટી પડ્યું હતું, ત્યારે આ સેવાભાવી જ્ઞાતિજનો માનવતાને ઊભી રાખી ગયા. તેમના કારણે હજારો લોકો જીવતા બચ્યા, ફરી ઊભા થઈ શક્યા અને જ્ઞાતિનું અસ્તિત્વ ટકી રહ્યું. ઇતિહાસ જ્યારે આ ધડાકાને વિનાશના પ્રતીક તરીકે યાદ કરશે, ત્યારે આ નામો માનવતાના દીવાઓ તરીકે સદાય પ્રકાશિત રહેશે.

'પ્રકાશ' નોંધે છે કે કહેવાતા ઘણાં આગેવાનો મુંબઈના પર ઘાટકોપર, મુલુંડ, માટુંગા, ભાંડૂપ, પાર્લા બાજુ ચાલ્યા ગયા. એકાદ બે અધિકારી મોટરમાં લટાર મારી ચાલ્યા જતા. કાર્ય કરી રહેલ સેવાભાવીઓની તપાસ કરવાની પણ તસ્દી ન લીધી. સેવાભાવીઓ ધૂમાડાથી બીમાર પડી ગયા છતાં સેવા ન છોડી. આગેવાનો પાંચ દિવસ પછી દેખાયા. છતાં થોડા શ્રીમંતો અને યુવાનોએ આગળ આવી સહાય કરી તે બિરદાવવી રહી. **(ક્રમશઃ)**


**સોનલ આર્ટ (થાણા)** **શાંતિભાઈ : 99678 41792**

Sonal ART

બટકસબ, મોચી ટાંકો, જીક કસબ, પારસી, પીટા, હાથ અને મશીન વર્કની સાડીઓ, ચણીયાચોળીનો રેડી સ્ટોક તથા ઓર્ડરથી બનાવવામાં આવશે.

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ભલારા દાદા ભાવિક ગ્રુપ, વરંડી મોટી

તા. ૧.૩.૨૬ ના સવારે શ્રી ભલારા દાદા,સચ્ચાઈ માતા તથા ક્ષેત્રપાળ દાદાની સામુહિક સમૂહ પહેડીનું આયોજન કરવામાં આવ્યું. ભક્તિ ભાવના અનંત મિત્ર મંડળ,ભાંડુપના સભ્યો દ્વારા સંગીતના સથવારે કરવામાં આવેલ.

હિરેન શાહના પ્રમુખ પદે વાર્ષિક સભાનું આયોજન થયેલ, માનદમંત્રી ખંતીલ લોડાયાએ અહેવાલ આપેલ. શ્રી મનોજભાઈ ધ્રોળના માર્ગદર્શન હેઠળ પહેડી, પ્રસાદ તથા ભાવિકો દ્વારા આરતી કરવામાં આવેલ.

### કે ડી ઓ. જૈન સંઘ - વડોદરા





શ્રી વિમલનાથ ભક્તિ ગ્રુપ આયોજિત ત્રીદિવસીય રાજસ્થાન યાત્રામાં ૩૪ યાત્રિક સાથે તા.૨૧/૨/૨૬થી પ્રયાણ કર્યું. દંતાણી તીર્થે શ્રી સીમંદર સ્વામી ની પૂજા સ્નાત્ર પૂજા ભણાવી. દંતાણીમાં સવારના પ. પૂ. ગણીવર શ્રી કમલપ્રભસાગર મ.સા. આદિ ઠાણ-૩ તથા પ.પૂ સાધ્વી નિતિગુણાશ્રીજી મ.સા.આદિ ઠાણા-૩ પધાર્યા તેમનું ઢોલ શહેનાઈથી વડોદરા સંઘે સામૈયુ કર્યું. દંતાણીથી સિરોડી શ્રી ગોડી પાર્શ્વનાથદાદાની પૂજા, કેવલબાગમાં શ્રી મુનિસુવ્રત સ્વામીની પૂજા કરી. તા.૨૩/૨/૨૬ના પાવાપુરીમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદા તથા જલ મંદિરમાં શ્રી મહાવીર સ્વામીની વાસક્ષેપ પૂજા બાદ મીરપુરામાં શ્રી ૧૦૮ હમીરપુરા પાર્શ્વનાથ દાદાની પૂજા, જહાજ મંદિરમાં શ્રી મુનિસુવ્રત સ્વામીની પૂજા કરી. નાદિયા જીવિત મહાવીર સ્વામીના દર્શન, લોટાણા આદિનાથ દાદાના દર્શન, બામણવાડા મહાવીર સ્વામીના દર્શન, શ્રી જીવિત મહાવીર સ્વામીના દર્શન કર્યા. તા ૨૪/૨/૨૬ બેડામાં શ્રી દાદા પાર્શ્વનાથ ભગવાનની વાસક્ષેપ પૂજા, પક્ષાલ કેશર પૂજા આરતી દિવાનો સંપૂર્ણ લાભ લીધો. માઉન્ટ આબુ દેલવાડામાં પાંચ દેરાસરમાં પૂજા, સાંજના આબુ રોડ તળેટીમાં માનપુરામાં આદિનાથના દર્શન કર્યા. સંપૂર્ણ યાત્રાના સુંદર આયોજન માટે શરદભાઈ કારાણીનું બહુમાન કરવામાં આવ્યું.

### નવલ સદ્ગુણા નવગ્રહ ધ્યાનાલયમાં નવગ્રહ વાટીકા પ્રતિષ્ઠા

દેવલાલી નગરે અનંત આરોગ્યનિધીના આંગણે શ્રી નવલ સદ્ગુણા નવગ્રહ ધ્યાનાલયમાં નવગ્રહ વાટીકાનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રવિવાર તા. ૧લી માર્ચના નવગ્રહ વાટીકામાં દાતા પરિવારોના કરકમલો દ્વારા નવગ્રહોની સ્થાપના સુંદર કલાત્મક દેરીઓમાં કરવામાં આવી. તેમજ નવગ્રહોની સકારાત્મક ઉર્જા માટે જે-તે ગ્રહના વૃક્ષોની ચલ પ્રતિષ્ઠા કરી જલસિંચન કરવામાં આવ્યું. સંગીતમય વાતાવરણમાં, આનંદ ઉલ્લાસપૂર્વક પ્રવર્તની મહત્તરા પ.પૂ. હંસાવલીશ્રીજી મ.સા., પ.પૂ. મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા. જયદર્શિતાશ્રીજી મ.સા.ની નિશ્રામાં

ગ્રહોના અભિષેક સંપન્ન થયા. સૌએ બહોળી સંખ્યામાં પધારી શાસન પ્રભાવના કરી.

**જયલક્ષ્મી બાગ (ભૂમી પૂજન ખનન વિધી)**

દેવલાલીના આંગણે પલ-પલ સ્મરણીય, શાસન પ્રભાવિકા ગુરુવર્યા પ.પૂ.સા. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની પાવન સ્મૃતિમાં જયલક્ષ્મી બાગ જ્ઞાન-ધ્યાન, વૈયાવચ્ચ વાટીકાનું નિર્માણ થઈ રહ્યું છે. અહીં ફાઉન્ડેશન ટ્રસ્ટ મુંબઈ દ્વારા એના ભૂમીપૂજન અને ખનન વિધીનું આયોજન રવિવાર તા. ૧લી માર્ચના કરવામાં આવેલ. ભૂમીદાતા પરિવારના વરદહસ્તે ભૂમીપૂજન એવમ્ ખનન વિધી સંપન્ન થયો. આ પ્રસંગે પ્રવર્તની મહંતરા પ.પૂ. હંસાવલીશ્રીજી મ.સા., પ.પૂ. મહાપ્રજ્ઞાશ્રી૪જી મ.સા. તથા પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ની નિશ્રા પ્રાપ્ત થઈ.

આ ભૂમી ઉપર વૃદ્ધ સાધ્વીજી ભગવંતો માટે સ્થવિરાલય, જ્ઞાન પિપાસુઓ માટે જ્ઞાનાલય, આરાધનાલય, ધ્યાનાલય અને ભોજનાલયાદિનું નિર્માણ થશે. શ્રી અચલગચ્છ પ્રમુખ એવમ્ મુંબઈ મહાજન પ્રમુખ શ્રી નયન ભેદા સહ અનેક મહાનુભાવોની હાજરીમાં ભવ્યતાથી કાર્યક્રમ ઉજવાયો.

**રાઈટ મેચ ૨૦૨૬ લોનાવલા**

સ્ટેજ ઈન્ટ્રોડક્શન નહીં, કોઈપણ પ્રકારના દબાવ વિના, માતાપિતાના દબાવ વિના લગ્નોત્સુકોનું મિલન સમારંભ લોનાવલા ખાતે એપ્રિલની તા. ૩થી ૮ એપ્રિલ ૨૦૨૬ સુધી જન્મ વર્ષ ૧૯૮૮ થી ૨૦૦૨ વચ્ચે જન્મતારીખ ધરાવનારા ભાગ લઈ શકે છે. રજીસ્ટ્રેશન રૂા. ૨૦૦૦/- નોન રીફંડેબલ મયાદિત બેઠકો. સંપર્ક : ૯૮૨૧૧૭૯૭૯૬-અલકા ભેદા.

**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઈશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઈલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઈલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઈ શકાય.



# વતનના વર્તમાન

**સંકલન : કેસરસિંહ ખોના**

**ધ્રુજારી : એક નવી શરૂઆત**

કચ્છમિત્ર દ્વારા ધરતીકંપની ૨૫મી વર્ષગાંઠના અવસરે પ્રસિદ્ધ કરવામાં આવેલી વિશેષ કૉફી ટેબલ બુક તથા કચ્છમિત્રમાં ભૂકંપના વિશિષ્ટ સંવેદનશીલ, હૃદયદ્રાવક લેખો 'ધ્રુજારી' શિર્ષક હેઠળ રજુ કરાયા છે. આમાં છાયાબેન શાંતિલાલ વરૂ-માધાપરનો લેખ સહુથી વધુ લાગણી સભર ગણાતા તેમને રૂા. ૫૧,૦૦૦/-નો પુરસ્કાર એનાયત કરાયો.

**પશ્ચિમ કચ્છ વનસર્જન**

અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમ્નસિંહ મહિપતસિંહજી જાડેજાએ વિધાનસભામાં માંગેલી માહિતી મુજબ નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ ૩૧.૧૨.૨૦૨૪ની સ્થિતિમાં વર્ષ ૨૦૨૩ દરમિયાન અબડાસા તાલુકામાં ૧૬ હેક્ટર, લખપત તાલુકામાં ૧૯ હેક્ટર અને નખત્રાણા તાલુકામાં ૨૫ હેક્ટર વિસ્તારમાં વનરોપણ કરવામાં આવ્યું હતું તથા વર્ષ ૨૦૨૪માં અબડાસામાં ૧૫ હેક્ટર, લખપતમાં ૧૯ હેક્ટર અને નખત્રાણામાં ૨૦.૫ હેક્ટર વન રોપણ કરાયું હતું.

**અબડાસાની તુવેર**

અબડાસાના કનકપર ગામેથી ટેકાના ભાવે તુવેર (અરહર)ની ખરીદી શરૂ કરવામાં આવી છે. સરકારે તુવેરના ટેકાના ભાવ કિલો દીઠ રૂા.૮૦ અને મણ દીઠ રૂા.૧૬૦૦ નક્કી કરાયા છે. થોડા દિવસોમાં અન્ય તાલુકામાં પણ ટેકાના ભાવે ખરીદી શરૂ થશે.

**રાષ્ટ્રીય પ્રાકૃતિક ખેતી સેમીનાર**

ભુજમાં તાજેતરમાં રાષ્ટ્રીય પ્રાકૃતિક ખેતી સેમીનાર યોજાયો હતો જેમાં દેશના નવ રાજ્યોના ૭૦૦થી વધુ ખેડૂતોએ ભાગ લીધો હતો. નીતિ આયોગના સ્ટેટ સપોર્ટ મિશનના નેજા હેઠળ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન

યુનિવર્સિટી હાલોલના સંયુક્ત ઉપક્રમે ભુજના મુક્ત જીવન સ્વામીબાપા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે 'પ્રાકૃતિક ખેતીમાં પડકારો અને તકો' વિષય પર બે દિવસના સેમીનારનો ગુજરાત મહારાષ્ટ્રના રાજપાલ આચાર્ય દેવવ્રતજીએ ડીજીટલી પ્રારંભ કરાવ્યો હતો.

સદર સેમીનારમાં ખેડૂતો અને વૈજ્ઞાનિકોને સંબોધન કરતા રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સેમિનારમાં અંગ્રેજી અને હિંદી ભાષામાં નેચરલ ફાર્મિંગ વિશે તાલિમ મેન્યુઅલ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. સમાપન સત્રમાં નેચરલ ફાર્મિંગ ડેમોસ્ટ્રેશન સાઈટની વિઝીટ તથા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સાથે સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

**ભુજથી ઉનાળામાં વધુ ચાર ફલાઈટ**

ભુજ એરપોર્ટ સલાહકાર સમિતીની હાલની બેઠકમાં એરપોર્ટ ડાયરેક્ટર નવીનકુમાર સાગરે ઉનાળામાં ભુજથી વધુ ચાર ફલાઈટ શરૂ કરવાની માહિતી આપી હતી.

સાંસદ વિનોદભાઈ ચાવડાએ એરપોર્ટના પાર્કિંગ બે માં ચાર્જીંગ સ્ટેશનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ભુજ-નવી મુંબઈ બે ઈન્ડીગો ફલાઈટ દૈનિક શરૂ કરાશે. સ્ટાર એરનું એક વિમાન નવી મુંબઈ અને એક વડોદરા ફલાઈટ પૂરી પાડશે.

**આદિપુરના કલ્યાણી નર્મદા નિગમ ડાયરેક્ટર**

આદિપુરના એચ.યુ. કલ્યાણીને નર્મદા નિગમના ડાયરેક્ટર નિમાયા છે. પંચાયત પ્લાનિંગ અને મોનીટરીંગ ચીફ એન્જીનીયર અને પાણી પુરવઠાના એડીશનલ સેક્રેટરી, ગુજરાત સરકારને બઢતી આપી સરદાર સરોવર નિગમના ડાયરેક્ટર સિવીલ તરીકે નિમવામાં આવ્યા છે.

સ્મરણીય છે કે કલ્યાણીની ડિસેમ્બર ૧૯૯૭માં સીધી ભરતી હેઠળ નર્મદા પ્રભાગ ગાંધીધામ ખાતે નિમણુંક કરવામાં આવી હતી.

**અબડાસાના વિકાસ કાર્યોને બહાલી**

અબડાસા તાલુકા પંચાયત પ્રમુખ મહાવીરસિંહજી જાડેજાની અધ્યક્ષતામાં મળેલી સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૫/૨૬ના સુધારેલા અને ૨૦૨૬/૨૭ના અંદાજપત્ર હેઠળ રૂા. ૪.૬૪ કરોડના વિકાસ કાર્યોને બહાલી આપવામાં આવી હતી.

સ્ટેમ્પ ડ્યુટીની ગ્રાન્ટ પેટે પ્રાપ્ત થયેલી રૂા. ૪.૬૩૯ જેવી રકમનું આયોજન મંજૂર કરાયું હતું. મંજલ ગામના નવા પંચાયત ગૃહનું નિર્માણ અને વિકાસ કાર્યોના બાકી નીકળતા નાણા ચુકવવાની ચર્ચા થઈ હતી. નોંધવુ જોઈએ તાલુકા પંચાયતની વર્તમાન મુદત પૂરી થઈ રહી છે.

**કે. કે. પટેલ હોસ્પિટલને કાર્ડિયોલોજીની બે સીટ**

ભુજની કે. કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલને એન.બી.ઈ.એમ.એસ. (નેશનલ બોર્ડ ઓફ એજ્યુકેશન ઈન મેડીકલ સાયન્સીસ) દ્વારા કાર્ડિયોલોજી સુપર સ્પેશિયાલિટી માટે ડૉ. એન.બી.ના અભ્યાસ માટે બે સીટની મંજૂરી આપવામાં આવી છે. આ અભ્યાસક્રમ હૃદયરોગની અદ્યતન સારવાર અને ઈન્ટરવેન્શન પ્રક્રિયાના સુદીર્ઘ અનુભવી ડૉ. જયદત્ત ટેકાણી અને ડૉ. મીત ઠક્કરના માર્ગદર્શન હેઠળ ચાલશે.

**અદાણી મુંદરા પોર્ટમાં વિરાટ શિપ્સ લાંગરશે**

અદાણી પોર્ટ્સ એન્ડ સેઝના મુંદરા પોર્ટ પર નવનિર્મીત ટર્મિનલનું ઉદ્‌ઘાટન થતા તે દેશનું પ્રથમ ટર્મિનલ છે જ્યાં મોટા શિપ્સ લાંગરી શકશે. અહીં ઊંડો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો છે. જે એંન્જીનિયરીંગનો ઉત્તમ નમુનો છે. અહીંથી રાજસ્થાનના બાડમેરની રિફાઈનરી સુધી લગભગ ૪૮૯ કિ.મી. લાંબી પાઈપલાઈન લગાવવામાં આવશે. બાડમેરની આ રિફાઈનરી રાજસ્થાન નામે જાણીતી છે.

**દિ.મા. અટલજી કવિતા કચ્છીમાં**

દિવંગત માનનીય વડાપ્રધાન અટલ બિહારીજીના કવિતા સંગ્રહ 'આંધિયોં મે જલાએ હૈં દિએ'નો મનીષા અજય વીરાએ કચ્છી ભાષામાં અનુવાદ કર્યો છે. આ કાવ્ય સંગ્રહનું વિમોચન વિશ્વ કચ્છી ભાષા દિવસ અને રાષ્ટ્રીય કચ્છી કવિ દુલેરાયજી કારાણીના જન્મદિન ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ભુજના કચ્છ જિલ્લા સેન્ટ્રલ કો.ઓ. બેન્કના

સભાગૃહમાં કરવામાં આવ્યું હતું. કાવ્ય સંગ્રહ સૌરાષ્ટ્ર ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે.

### મીઠાનું કન્ટેઈનર

ભારતીય રેલવે નવા નવા પ્રયોગ કરી રહી છે. એ શ્રેણીમાં મીઠા માટે કન્ટેઈનર તૈયાર કર્યું છે. મીઠા માટે ખાસ સ્ટીલમાંથી બનાવાયેલું આ કન્ટેઈનર કચ્છના અંતરિયાળ વિસ્તારમાં મીઠાનું પરિવહન કરશે. પણ આનો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને ગેરલાભ થવાની શક્યતા છે.

### કચ્છીનો દૃઢ સંકલ્પ 'પ્રોજેક્ટ વીર'

કચ્છ પત્રીના નાસિક નિવાસી ધીરજભાઈ ધરોડ લશ્કરમાં જોડાવા માગતા હતા પણ ઘરના વડેરાઓએ પરવાનગી ન આપતાં લશ્કર માટે કંઈક કરવાની ઈચ્છા થઈ. તેઓ નિવૃત્ત સૈનિકોના પુનર્વસન, વીરગતિ પ્રાપ્ત સૈનિકોના બાળકો અને વિધવાઓ માટે સંસ્થા દ્વારા બાળકોને ૧૨ સુધી અભ્યાસ કરાવવું, મહિલાઓને કૌશલ્ય તાલીમ અપાવવી અને સેનાના વિવિધ કેન્દ્રોમાં સૈનિકોને કોમ્પ્યુટર તાલીમ અપાવે છે. ધીરજભાઈ અત્યાર સુધી અઢી લાખ સૈનિકોનું પુનર્વસન કરાવ્યું છે અને ૫૦૦ થી વધુ બાળકોને દાતાઓના સહયોગથી ભણાવે છે.

### છ ગાઉ યાત્રા અને પાલભક્તિ

ઘોટીના પાયે વિવિધ સંઘો અને પરિવારોના ૧૦૦થી વધુ પાલ મંડાયા છે. એમા હમીરપરના મુંબઈ, માંડવી, ભુજ તથા દેશ વિદેશમાં સ્થાયી થયેલા બોરીચા પરિવાર દ્વારા સતત પાંચમા વર્ષે પાલભક્તિના માધ્યમથી છ ગાઉ યાત્રીઓની સેવા કરવા માટે આયોજન કરવામાં આવ્યું છે.

### કચ્છને નાણાપંચ દ્વારા રકમની ફાળવણી

કચ્છને ૧૫મા નાણાપંચની ફાળવણી મુજબ છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૫૫૭.૦૩ કરોડની રકમ મળી હતી. આમાંથી માત્ર ૪૧૩.૭૧ કરોડ રૂપિયા અર્થાત ૭૫ ટકા રકમનો ઉપયોગ થયો હોવાના અહેવાલ છે. નોંધવું જોઈએ કે વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૫મા નાણાપંચની શરૂઆત થઈ તે મુજબ વર્ષ ૨૦૨૧-૨૨થી દરેક જિલ્લા પંચાયતને ગ્રાંટ ફાળવાતી થઈ. કચ્છ જિલ્લા પંચાયતને નાણાંકીય વર્ષ ૨૦૨૧થી ૨૫ દરમિયાન રૂા. ૫૫૭.૦૩ કરોડ ફાળવાયા હતા.

આ રકમનો ઉપયોગ ૬૩૦ જેટલા ગામોમાં વિવિધ વિકાસ કાર્યો માટે થયો. જેમાં ૬૩૦ ચેકડેમ, તળાવ, ગટર લાઈન, શૌચાલયોની સફાઈ માટે સોકપિટ, જેટીંગ મશીન, પ્રાથમિક શાળા, આંગણવાડીમાં આરઓ પ્લાંટ, ટ્રેક્ટર ટ્રોલી, ઈ-ટેમ્પો, એમ્બ્યુલન્સ, ફોગીંગ મશીન, નવી આંગણવાડી, નવા પંચાયત ઘર, તલાટી આવાસ, રસ્તા નિર્માણ અને જાળવણી વગેરે કામ પૂરા કરવામાં આવ્યા છે.

રોયલ્ટી/સ્વભંડોળના કામ ૨૦૨૪-૨૫થી ૨૦૨૬ દરમિયાન એકંદરે ૩૧.૩૩ કરોડ રૂપિયાના ખર્ચે પૂરા કરાયા છે. એ પણ નોંધ લેવી જરૂરી છે કે પંચાયતમાં ટેક્નીકલ અને સામાન્ય સ્ટાફની ઘટના કારણે કામમાં વિલંબ થવો કે સમૂળગો ન થાય એ શક્યતા રહે છે.

### રેલ્વે ચીફ કમર્શિયલ મેનેજર કચ્છમાં

પશ્ચિમ રેલ્વેના પ્રિંસીપલ ચીફ કમર્શિયલ મેનેજર તરૂણ જૈનની તાજેતરની કચ્છ મુલાકાતમાં પ્રવાસી ટ્રેઈન, માલવાહક સુવિધા વિક્સાવવા, રેલવે કનેક્ટીવીટી મજબુત બનાવવા જેવી માંગણી ગાંધીધામ ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા કરવામાં આવી હતી.

### કચ્છી ભરત પર સિંધુ સંસ્કૃતિની અસર

કચ્છના કસબીઓ અને હસ્તકળા કારીગરો સાથે લાંબા સમયનો જીવંત સંપર્ક ધરાવવાના લીધે કચ્છી અને સિંધી પર પ્રભુત્વ ધરાવતા થયો હોઈ ડૉ. પ્રિયા રાજ વિલિયમ્સે કચ્છ ભરતકામ પર અંગ્રેજીમાં સુંદર પુસ્તક લખ્યું છે. કચ્છના પૂર્વ પોલિસ વડા રણજીતરાજ વિલીયમ્સના ધર્મપત્ની ડૉ. પ્રિયા વિલિયમ્સે એક્સ્વીઝીટ લિખિત એમ્બ્રોયડરી ઓફ કચ્છનું તાજેતરમાં ભુજ ખાતે વિમોચન કરવામાં આવ્યું હતું.


ડૉ. પ્રિયા રાજે ૧૯૮૫માં કચ્છમાં નિવાસ ગાળામાં કચ્છના ભરતકસબ પર સંશોધન શરૂ કર્યું હતું.

સદર ગ્રંથમાં કચ્છના ભરતકામ પર હથોટી ધરાવતી ૧૯ જ્ઞાતિઓના ૩૩ પ્રકારના ભરતકામનાપ્રકારો વિશે ૩૦૦ પાનાના આ પુસ્તકમાં આવરી લેવાયા છે.

જીવન ચક્ર

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ)** – ભરૂડિયા
મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



## જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫.૧૧.૨૦૨૫ | અંધેરી | જિનીષા, ડૉ. નિયતી-ચિરાગ (જૈન)ધુલ્લા | રાપરગઢવારી | પુત્રી |
| ૦૬.૦૨.૨૦૨૬ | ડોંબિવલી | પર્વ, કૃપા-ભાવિન દિલીપકુમાર લોડાયા | વારાપધર | પુત્ર |

## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨.૦૨.૨૦૨૬ | મુલુંડ | ગૌતમ રૂપેન પ્રેમચંદ છેડા | નલિયા | ૨૯ |
| | આદિપુર | વિધિ ચેતન ઠાકરશી ડાઘા | વરાડિયા | ૨૫ |
| ૨૨.૦૨.૨૦૨૬ | ભાંડુપ | દીપ અતુલ હીરજી મોમાયા | ડુમરા | ૨૬ |
| | કાંજુરમાર્ગ | કિંજલ વિનય શિવજી મોમાયા | વરાડિયા | ૨૬ |
| ૨૨.૦૨.૨૦૨૬ | ડોંબિવલી | પરીન અભેશ ખેતશી ધરમશી | તેરા | ૩૦ |
| | મુલુંડ | વિધિ દિલીપ કરમશી દંડ | સાંધવ | ૩૦ |
| ૨૩.૦૨.૨૦૨૬ | ઘાટકોપર | નીરવ ચેતનકુમાર ખીમજી મોમાયા | જખૌ | ૩૨ |
| | મુલુંડ | નેહા શૈલેશ ચીમનલાલ લોડાયા | તેરા | ૨૮ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૦૨.૨૦૨૬ | ઘાટકોપર | શ્રેય દક્ષેશ પટેલ | કરમસદ | ૨૮ |
| | મુલુંડ | રિયા દિપક ઉત્તમચંદ ડાઘા | વરાડિયા | ૨૭ |
| ૨૫.૦૨.૨૦૨૬ | કાંદિવલી | ઉત્સવ અશેષ કૃષ્ણકાંત શાહ | નવસારી | ૨૮ |
| | વડાલા | ધ્વની વિજય નારાણજી ધરમશી | કોઠારા | ૨૮ |
| ૨૮.૦૨.૨૦૨૬ | કલ્યાણ | યશ નીતિન મોહન લોહાર | અહમદનગર | ૨૮ |
| | મુલુંડ | ડોલી તુષાર મહેન્દ્ર મોતા | તેરા | ૨૬ |

## જ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯.૦૧.૨૦૨૬ | ડોંબિવલી | વિરલ ઉમેશ ધીરજલાલ ધરમશી | ગોરખડી | ૨૯ |
| | ડોંબિવલી | વિશ્વા કિશોર શાંતિલાલ માલદે | દલતુંગી | ૨૮ |
| ૨૮.૦૧.૨૦૨૬ | કોપલ | ધીરેન અનિલ નવીનચંદ ગાલા | લાખાપર | ૨૭ |
| | હુબલી | નંદીકા દિલીપ ત્રિભુવન કુરૂવા | ગોધરા | ૨૩ |
| ૦૮.૦૨.૨૦૨૬ | ડોંબિવલી | પ્રતિક પ્રવિણ ખોના | નલીયા | ૨૯ |
| | ભાંડુપ | ભૂમી હેમંત લોડાયા | સાંયરા | ૨૯ |
| ૧૦.૦૨.૨૦૨૬ | મલકાપુર | ગુલશનભાઈ અભયભાઈ ઠાકરશી ડાઘા | વરાડીયા | ૨૮ |
| | અહિલ્યાનગર | ઉર્વશી પંકજભાઈ શામજી મૈશેરી | કુઆપધર | ૨૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૦૨.૨૦૨૬ | જલગામ | સિદ્ધાર્થ કેતન નાગડા | સાંધવ | ૩૦ |
| | આદીપુર | રીદ્ધી રાજેશ ડાઘા | વરાડીયા | ૨૬ |

**આંતરજ્ઞાતિ લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫.૧૨.૨૦૨૫ | ડોંબિવલી | ચિરાગ પ્રદીપ લોડાયા (પટેલ) | સાંધવ | ૩૨ |
| | ઘાટકોપર | હિરલ પંકજ સરૈયા | મોડપર | -- |
| ૧૨.૦૨.૨૦૨૬ | વસઈ | ચૈતન્ય મીલીંદ યશવંત કાળેલે | માડોંલ | -- |
| | વસઈ | એકતા વિરેન્દ્ર કાનજી પોલડીયા | ડુમરા | ૩૧ |
| ૨૦.૦૨.૨૦૨૬ | વેરાવલ | આયુષ રાજેશ છેડા | વેરાવલ | ૨૪ |
| | વેરાવલ | સાક્ષી પારસ શાહ | સુજાપર | -- |
| ૨૫.૦૨.૨૦૨૬ | ખામગાવ | આદિત્ય મનોજ નાગડા | તેરા | ૨૯ |
| | ગોંડિયા | ડૉ. મેઘા સંજય બાંકર | -- | -- |

**આંતરજ્ઞાતિ લગ્ન છુટા**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૦૧.૨૦૨૬ | મુલુંડ | જય નરેશ ભવાનજી નાગડા | નલિયા | ૩૪ |
| | ચેમ્બુર | જેસીકા રાજેન્દ્ર નંદલાલ ઠક્કર | સાવરકુંડલા | ૩૩ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧.૦૨.૨૦૨૬ | વડાલા | રાજબાઈ લક્ષ્મીચંદ ધારસી મોતા | લાખણીયા | ૯૦ |
| ૨૩.૦૨.૨૦૨૬ | રાજકોટ | તમન્નાબેન વિજય ટોકરશી શિયાલ | દલતુંગી | ૫૨ |
| ૨૫.૦૨.૨૦૨૬ | મસ્જીદબંદર | ગીરીશ બિપીનકુમાર નાગડા | નલીયા | ૮૦ |
| ૨૭.૦૨.૨૦૨૬ | મીરારોડ | ગુલાબચંદ કલ્યાણજી બોરીચા | બાયઠ | ૬૮ |
| ૨૮.૦૨.૨૦૨૬ | મુલુંડ | તીલોતમા શીવજી કુરૂવા | ગોધરા | ૬૫ |
| ૨૮.૦૨.૨૦૨૬ | નીમચ | ચીમનલાલ ટોકરશી મોતા | સુથરી | ૮૮ |
| ૨૮.૦૨.૨૦૨૬ | ડોંબિવલી | હરીશ જીવરાજ મોતા | કુવાપધર | ૭૪ |
| ૦૧.૦૩.૨૦૨૬ | પૂસદ | લક્ષ્મીચંદ નારાણજી પોલડીયા | બાયઠ | ૮૧ |
| ૦૧.૦૩.૨૦૨૬ | ભાંડુપ | જયાબાઈ ઠાકરશી આણંદજી નાગડા | વારાપધર | ૮૧ |
| ૦૨.૦૩.૨૦૨૬ | મુલુંડ | મણીબેન શીવજી ખોના | રંગપુર | ૯૯ |

## નવા/બદલાયેલા સરનામા/ફોન

**(પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

**Shri Paresh Dhanji Dand (PS-784)**
206, New Swagat Bldg., Flat No 6,
2nd Floor, Opp. Gelani Store,
Hingwala Lane, Ghatkopar (East),
MH - 400 077. M. : 98920 29319.

**Shri Harish Raymal Nagda (PS-5712)**
Vivekananda Nagar,
5th Road,
Gokak, KR - 591 307.
M. : 92423 73344.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

BEING JAIN

# મહિમા તપનો

- **Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)



ફિટનેસ ટ્રેનિંગ એક મોટો ટ્રેન્ડ છે. તો, જિમમાં થતી ફિટનેસ ટ્રેનિંગની વાત કરીએ.

જ્યારે કોઈ વ્યક્તિ જિમમાં જાય છે ત્યાર, શરૂઆતમાં, સ્નાયુઓ દુખે છે, શ્વાસ ચડે છે અને થાક લાગે છે. છતાં, આ તકલીફ હાનિકારક નથી–તે હેતુપૂર્ણ છે. તે નબળાઈ દૂર કરે છે, વધારાની ચરબી બાળી નાખે છે અને સહનશક્તિ તથા શક્તિ વધારે છે. જે વ્યક્તિ કસરત ટાળે છે, તે શારીરિક રીતે નબળી જ રહે છે. સમય જતાં નિયમિત કસરત શરીરને હળવું, ઊર્જાવાન અને સહનશીલ બનાવે છે.

એ જ રીતે, તપથી ઇચ્છાઓ પર નિયંત્રણ રાખવું અથવા કઠિન પરિસ્થિતિઓને શાંતિપૂર્વક સહન કરવી આસાન બને છે. એ કર્મરૂપી અશુદ્ધિઓને દહન કરવા અને આંતરિક શિસ્ત મજબૂત કરવા માટે છે. અહીં પ્રથમ, પચ્ચખ્ખાણ ઇરાદાને શિસ્તમાં ફેરવે છે અને ત્યારબાદ તપ શિસ્તને આત્મપરિવર્તનમાં ફેરવે છે. જે વ્યક્તિ તપથી બચે છે, તે આધ્યાત્મિક રીતે નબળી રહે છે અને ઇચ્છાઓ, ક્રોધ અને આસક્તિઓના વશમાં રહે છે.. તપ આત્માને હળવો, શાંત અને કર્મના ભારથી મુક્ત બનાવે છે.

જેમ શિસ્તબદ્ધ કસરત શરીરને મજબૂત બનાવે છે, તેમ તપ આત્માને મજબૂત બનાવે છે. કસરત શારીરિક અશુદ્ધિઓનું દહન કરી શરીરની શક્તિ વધારે છે; તપ કર્મરૂપી અશુદ્ધિઓનું દહન કરી આધ્યાત્મિક શક્તિ વધારે છે. તપ માત્ર મોક્ષમાર્ગનો આધાર નથી; દરેક સોપાન પર તે આત્માને વધુ શુદ્ધ બનાવી, તેના સત્ય સ્વરૂપની નજીક લાવે છે.

તો પ્રથમ સોપાન–સમ્યક દર્શન (સાચી શ્રદ્ધા)–માં તપની શું ભૂમિકા છે?

આપણે જાણીએ છીએ કે આત્મા અને શરીર વચ્ચેનો બંધ સમ્યક જ્ઞાન અને સમ્યક ચારિત્રથી સમાપ્ત થઈ શકે છે. તપ ધીમે ધીમે ઇન્દ્રિયોની ચંચળતાને શાંત કરે છે. ભોગવિલાસ પ્રત્યેનો લગાવ કમજોર થાય ત્યારે આત્મા પોતાના વિશેનું સત્ય સ્પષ્ટ રીતે જોવાનું શરૂ કરે છે. આ રીતે તપ આગળના બે સોપાન માટે પાયો તૈયાર કરે છે. બીજા સોપાન પર શાસ્ત્રો દ્વારા સૈદ્ધાંતિક જ્ઞાન રૂપે સમ્યક જ્ઞાન મળે છે અને પછી તે વ્યક્તિગત અનુભવ જ્ઞાન બને છે. અહીં તપ મનને સ્થિર અને એકાગ્ર બનાવે છે. તપથી વિક્ષેપો ઘટે છે અને ઇચ્છાઓ વિલીન થાય છે, જેથી સત્યના ઉપદેશો હૃદયમાં ઊંડે પ્રવેશે છે અને સમજણને સાક્ષાત્કારમાં પરિવર્તિત કરે.

સમ્યક ચારિત્રમાં તપ આત્મશિસ્તને મજબૂત બનાવે છે. તે સાધકને કષાયો પર વિજય મેળવવાની શક્તિ આપે છે. તપ વિના આચરણ સ્થિર અને શુદ્ધ રહી શકતું નથી.પરંતુ આ કર્મ પર કેવી અસર કરે છે? એ રીતે તપ સમ્યક ચરિત્રમાં સહાય કરે છે.

તપ નિર્જરા એટલે કે સંચિત કર્મોના ક્ષયનું મુખ્ય સાધન છે. જેમ અગ્નિ સોનામાંથી અશુદ્ધિઓ દૂર કરે છે, તેમ તપ કર્મોનું દહન કરી આત્માને શુદ્ધ કરે છે.નિરંતર તપ દ્વારા બધા કર્મો ધીમે ધીમે ક્ષય પામે છે. ત્યારબાદ આત્મા અનંત જ્ઞાન, અનંત આનંદ અને સંપૂર્ણ મુક્તિના પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થાય છે. આ જ મોક્ષ છે.

તો શું દરેક સોપાન પર તપ આવશ્યક છે?

નિશ્ચિત જ. તપ સમ્યક શ્રદ્ધાને જાગૃત કરે છે, સમ્યક જ્ઞાનને ઊંડું બનાવે છે, સમ્યક ચારિત્રને સ્થિર કરે છે, કર્મક્ષયને શક્ય બનાવે છે અને અંતે આત્માને મોક્ષ સુધી પહોંચાડે છે. તેથી આધ્યાત્મિક પ્રગતિ માટે તપ અનિવાર્ય છે. તપ વિના આધ્યાત્મિક પ્રગતિ શક્ય નથી.

સારાંશરૂપે, તપ માત્ર એક સાધના નથી, પરંતુ મોક્ષમાર્ગની પ્રાણશક્તિ છે. તપ એ આંતરિક અગ્નિ છે, જે આત્માને કર્મબંધનમાંથી મુક્ત કરી તેના સ્વાભાવિક તેજને પ્રગટ કરે છે.

|| જય ચકેશ્વરી માતા || || નમો નમઃ શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમઃ|| || જય પદ્માવતી માતા ||

|| નમો નમઃ શ્રી મહાવીરસ્વામી નમઃ || || શ્રી મહાકાળી માતા ||

શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગર-કવિન્દ્રસાગર-વિરભદ્રસાગર-મહોદયસાગરસૂરીભ્યો નમઃ

|| રંગપુર સંઘવાત્સલ્ય પ.પૂ.સા. શ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા. અને પ.પૂ.સા. શ્રી કોટીગુણાશ્રીજી મ.સા.ને વંદના ||



# સસ્નેહ નિમંત્રણ



## રંગપુર નગરે - શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જિનાલયે

# ૩૭મી ધ્વજારોહણ

વિધિકાર : અધ્યાપક શ્રી પ્રદિપભાઈ આર. શાહ (જામનગર), સંગીતકાર : શ્રી મનોજભાઈની મંડળી (મોટી ખાવડી)

**સંવત ૨૦૮૨ વૈશાખ સુદ ૧૧ને સોમવાર, તા. ૨૭-૦૪-૨૦૨૬**

મુખ્ય ધ્વજા/મુખ્ય શિખરમાં મુળનાયકની ધ્વજાના તેમજ આખા દિવસની સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવાર



## ડૉ. બિપીન પુષ્પાબેન પાશ્વીર નાગડા પરિવાર

**(રંગપુર-મુલુંડ)**



**હસ્તેઃ અ.સૌ. પ્રજ્ઞા બિપીન અને અ.સૌ. ખુશાલી મિથ શાહ**

**સંવત ૨૦૮૨ વૈશાખ સુદ ૧૦ને રવિવાર, તા. ૨૬-૦૪-૨૦૨૬**

બપોરે ૨.૩૦ ક. મહાકલ્યાણકારી અઢાર અભિષેક, રાત્રે ૮.૦૦ ક. ભક્તિ ભાવના
એક અભિષેકનો નકરો રૂા. ૧,૦૦૦/- રહેશે (વહેલો તે પહેલોના ધોરણે)
૧૮મો અભિષેકનો રૂપીયામાં ચડાવો બોલવામાં આવશે.

**સંવત ૨૦૮૨ વૈશાખ સુદ ૧૧ને સોમવાર, તા. ૨૭-૦૪-૨૦૨૬**

સવારે ૯.૦૦ ક. સત્તરભેદી પૂજા તેમજ શુભ મુહૂર્તે ધ્વજારોહણ. ધ્વજારોહણ દરમ્યાન નીચે મુજબની ધ્વજાની ઉછામણી (૧) રંગમંડપની ધ્વજા (૨) પૂર્વ ચોકીયારાની ધ્વજા (૩) પશ્ચિમ ચોકીયારાની ધ્વજા (૪) ઉત્તર ચોકીયારાની ધ્વજા (૫) ગુરૂ મંદિરની ધ્વજા

**સાધર્મિક ભક્તિના દાતા આવકાર્ય**

**આવતા વર્ષની ૩૮મી ધ્વજાનો ચડાવો પણ બોલવામાં આવશે તેનો આદેશ પર્યુષણ પર્વ દરમ્યાન બીજના દિવસે આદેશ આપવામાં આવશે.**

સહર્ષ જણાવવાનું જે જિનાલયના જિર્ણોધ્ધાર, નૂતન ભોજનશાળા અને અતિથિગૃહની વધારાની રૂમોનું કાર્ય પુર્ણતાના આરે છે.



## નિમંત્રણ



આ મહામંગલકારી પ્રસંગે સર્વે રંગપુરવાસી પરિવારજનો અને નિયાણી બહેનોના પરિવારજનોને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

**લી. શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ વતી**

શ્રી પંકજ કેશવજી ધરમશી (પ્રમુખ-ટ્રસ્ટી) તથા સર્વે ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યો અને સલાહકાર સમિતિના સભ્યોના જય જિનેન્દ્ર!

UPASANA - 9820167767

Money Matter

# When Markets Fall, Most Investors Panic... Here's the Calm Plan

**Diipesh Daghha – Varadia (Bhandup),** Mob.: 99 1562 1562
MBA (Fin), QPFP, Founder – GrowthQuest
www.growthquest.in, diipeshdaghha@gmail.com



Turn on the news during a market correction and the headlines almost always sound dramatic. Words like *crash, uncertainty, global tensions,* and *investor panic* dominate the conversation. In recent months, geopolitical tensions in the Middle East, rising crude oil prices, and global uncertainty have unsettled stock markets across the world, including India.

For many investors, such moments feel unsettling. Portfolio values fluctuate, returns seem disappointing, and the temptation to "exit until things stabilise" becomes strong.

But history reminds us of one simple truth: **volatility is not a flaw of the stock market — it is its nature.**

Equity markets have never moved in a straight line. Over the last four decades, the **BSE Sensex has delivered roughly 14–15% annualised returns,** yet that journey has been filled with multiple corrections, global crises, wars, pandemics, and economic shocks. Each time, markets fell sharply in the short term — and eventually recovered as businesses and economies moved forward.

The last 18 months offer another example of this behaviour. While global markets have performed relatively better in the short run, domestic equities have seen phases of muted returns and increased volatility. For investors who expected quick gains, this has created disappointment and skepticism.

But equity investing was never meant to deliver smooth, predictable returns every year.

Markets move in cycles. Periods of strong performance are often followed by consolidation or corrections. These phases can feel uncomfortable, but they serve an important purpose — they reset valuations, filter out speculation, and create opportunities for disciplined investors.

In fact, some of the best long-term investment opportunities have historically emerged during uncertain times. When fear dominates headlines, asset prices often reflect pessimism rather than long-term economic reality.

For investors whose financial goals are eight, ten, or fifteen years away — retirement, children's education, or long-term wealth creation — short-term market turbulence should not derail the broader plan. What matters far more is **time in the market**, not timing the market.

The most successful investors focus on what they can control. They continue investing regularly, maintain diversification, and avoid reacting emotionally to temporary market noise. Trying to predict geopolitical developments, global interest rates, or commodity prices is nearly impossible. But maintaining discipline in savings and investing is entirely within one's control.

This is often easier said than done, of course. Human psychology tends to react strongly to short-term losses. Yet patience has historically rewarded investors who stayed invested through turbulent phases.

Market volatility, in many ways, is like turbulence during a flight. It may feel uncomfortable, but it rarely changes the destination.

So, the next time markets fall and headlines become alarming, pause before reacting. Ask yourself a simple question: **Has my long-term goal changed?** If the answer is no, then perhaps the wisest course of action is to remain calm, stay disciplined, and let time do its quiet work.


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

Student Corner

# The urgency to teach financial literacy to our kids.

**Dr. Aparna Ritesh Nagda-Naliya (Dombivali)**
Mob.: 98339 74009, E-mail : aparnanagda04@gmail.com
Consulting Homoeopath, Child Counselor and Author of The Labyrinth of Silence



With the lapse of time, I see my columns are no more mine. They have turned into a collaborative effort made by the parents who read them. My articles get shaped by what my friends have to say and their thoughts on parenting are equally riveting as any professional guidance.

More recently, during a get-together, we, a bunch of friends discussed about how important it is becoming to talk to kids about wisely using their financial resources. The luxury they see wasn't earned in a day. In fact, with some of us, it is generational wealth that has given rise to the dominoes effect.

Our kids see us traveling in air-conditioned cars unlike we who have witnessed the sweat drenched shirt of our father and a mother massaging her feet because the walk to-fro from the bazar was a tiring one. Waiting for the month-end to buy a favorite book or toy has never been their thing. In several homes, children order stuff from online portals and merely send links to their parents for payments. While it has become convenient to do so and saves time, children have become a victim of instant gratification.

The scene changes slightly with some of us who work in foreign countries. The comforts and luxury increase while staying abroad. To get a peek into what an Indian parent, rooted strongly in his culture, feels about financial literacy in children, I spoke to a dear friend, Dewang Vyas.

Here is what he had to say. Quoting him verbatim.

I read a quote

**"My Grandfather walked 10 miles to work every day, My father walked 5 miles, I am driving a Cadillac, My son is in Mercedes, My grandson will be in Ferrari, My great-grandson will be walking again!"**

At first I thought it only represents that tough times creates strong person ....but after becoming a father I realised that the message also shows mindset of savings vs spending. If I do not teach my children the value of the luxury and explain the difference between necessity and luxury they will never value and respect it and it will inevitably get lost over time.

Moving into a developed country from India, it became extremely important (at least for me) to tell my daughter not just the price but the value behind every purchase.

Seeing surrounding kids spending money left right and centre creates lot of questions from your young ones like are we poor? ( This actually came from my daughter and her classmates were discussing this at age 4). This is not something to feel low about as a parent but an opportunity to educate them. The typical Indian saving mentality which has been passed on through generations .... Ensure that you also do the same.

Still gathering thoughts but to sum it up

-Educate as well as follow yourself - you avoid impulse buying your kids will also understand.

-Luxury is not necessity it is privilege and

should be valued.

-Every penny is hard earned

That was a note with its heart and brain in the right place. If you too have to say something, please email on the above address. Let your thoughts help me and many parents like me who are struggling with the journey called parenting.

---

**Stock Market**

## Stocks & Commodities Market Analysis



**Praful Umarshi Chheda-Suthri (Masjid Bunder)**
B.com (Hons) D.B.M ICWA (f)
Mob.: 98691 95651, chhedaprafull@hotmail.com

While we have discussed; the methods of stocks & commodities market analysis in the last issue of PRAKASH SAMIKSHA; The overall fountain Head of our ( K D O JAIN COMMUNITY). We shall further deliberate on the subject. We shall first discuss the method of TECHNICAL ANALYSIS & THEN TO FUNDAMENTAL ANALYSIS. Lots efforts are needed to precise write ups of such a vast subject which involves savings & finance for fruitful investments of the reader & followers. It is not necessary invest in the big way in the initial stage but can be built upon as the time passes. Our KDO JAIN COMMUNITY has tremendous ability of business acumen. I request all particularly younger generation, homemakers & others including their friends & relatives to follow regularly as there will be series of articles on subject. I strongly believe that this should enhance prospects of the careers of the readers & followers.

Technical Analysis (TA) is based on the idea that market prices reflect collective human behaviour, and this behaviour tends to repeat. Its foundations rest on a few core theories and assumptions, developed over more than a century.

1. Core Assumptions (The Pillars)

Price Discounts Everything

All known information—fundamental, economic, political, psychological—is already reflected in price of the stocks or a commodity.

Hence, price is the final truth.

News follows price, not the other way around.

This is why technicians focus on charts rather than balance sheets.

2. Prices Move in Trends

· Markets do not move randomly.

· Once a trend starts (up, down, or sideways), it tends to continue until a clear reversal occurs.

· Trend types:

o Primary (long-term)

o Secondary (medium-term)

o Minor (short-term)

2. Prices Move in Trends

"Trend is your friend till it bends."

3. History Repeats Itself

Human emotions like fear, greed, hope, panic remain constant.

These emotions create recurring chart patterns.

Hence, patterns like Head & Shoulders, Double Top, Triangles & others keep reappearing.

***

Kuber Bhandar

# GIFT city – an introduction from personal finance perspective

**CA Jatin Jaichand Lodaya, Naliya (Chembur)**
Cofounding Partner of FinaLiteY LLP - Mumbai
jatinlodaya@gmail.com | 9820791226



GIFT City, located in Gandhinagar, stands for Gujarat International Finance Tec-City. It got established in 2015, it is India's first operational greenfield smart city (886 acres) and international financial services centre (IFSC), designed to act as a global financial and technology hub. It has a domestic Tariff Area and also Special Economic Zone - for international financial services and IT/ITeS, catering to global investors. Effective 13th February 2026, Uday Kotak is the Chairman. It is ranked 46th on the Global Financial Centres Index (GFCI).

Features include: relaxed regulatory framework – supervised by International Financial Services Centres Authority (IFSCA), structurally compliant, tax-efficient (including STT, GST and stamp duty exemptions; lower tax rates on dividends and exemptions for capital gains for NRIs compared to domestic Indian investments), dollar-denominated gateway, seamless international banking, digital onboarding with minimum documentation, enhanced & simple operations (onshore IFSC infrastructure at reduced costs) and global wealth management opportunities make it a convenient platform for residents and NRIs to build wealth. Indian investors can access global equities through IFSC exchanges (India INX and NSE IFSC), including Un-Sponsored Depository Receipts (UDRs; limited to 50 US blue-chip stocks and one can also buy fractional shares) and broader exposure via regulated brokers without needing overseas brokerage accounts. These could be treated as foreign assets. Before buying UDR, the investor needs to open an account (digital KYC, fund the account using RBI's LRS thereby offering tighter integration with India's capital flows) with a regulated broker.

GIFT City-based mutual funds, especially the new dollar-denominated passive FoFs (e.g., S&P 500 and Nasdaq 100 FoFs which directly invest in overseas ETFs), operate under account with an IFSCA-regulated fund platform/distributor/IFSC banking unit that offers these schemes with no SEBI overseas investment limits, using LRS remittances for direct exchange-traded fund (ETF) exposure. NRIs can open Foreign Currency Accounts (FCAs) to hold, invest, and manage funds in foreign currency, facilitating easier remittances (in & out) and wealth management. Structurally, they can avoid constraints that India-domiciled global schemes face due to investment limits, complexities of direct foreign investment and regulatory suspensions. This way investors can access US-listed stocks, foreign portfolio investments, and dollar-denominated mutual funds.

Tailored solutions for wealth management, including access to Alternative Investment Funds and international insurance products, are available. Insurance products offered are increasingly positioned to serve NRIs and globally mobile professionals with

foreign-currency cash flows and cross-border estate or retirement needs. Pure protection term plans, endowment plans, ULIP insurance-embedded wealth structures and dollar-denominated health insurance are also available. A specialised pension framework is being set-up to cater to the long-term retirement planning needs of NRIs and PIOs.

Major banks operate international banking units in GIFT City to facilitate transactions. Specialised fintech platforms are available for residents and NRIs to invest in global stocks and other instruments. As of late 2025, over 38 banks have established International Banking Units in GIFT City.

***

Stay Healthy

# CONSTIPATION

**Dr. Jayantilal P. Khona (LECH)-Jakhau (Mulund)**
Mob. : 8779985316



Constipation is defined as passing stools less often than usual .stool that are hard, dry, lumpy needs more straining, pressure & difficulty to pass, with feeling of obstacle at anal region.

IDEALLY less than 3 times in a week, problem going from 3 to 6 months is truly labelled as constipation.

**PRIMARY REASONS**: 1] Irregular motion/movement of the intestine.

2] Weakness & incoordination of the muscles in & around anus and buttocks region, that makes passing of stool slow & stopping in between.

3] Other causes like Acidity, Blood pressure, more passing of urine, depression, Parkinson disease, Drug addiction, mental, psychiatric disease, Side effects of calcium, Iron, Pain killer medicines

4] paralysis, diabetes, kidney fail, spinal cord, back injury, cancer of intestine, fissure in anal region, piles, ulcers, oil, abscess, near anus & in intestine, pregnancy ,others.

USUALLY SIMPLE CONSTIPATION OF 2 TO 3 DAY SOLVES ON ITS OWN WITH OUT MEDICINE.

ASKING DETAIL HISTORY ABOUT WORK, FOOD, WATER INTAKE, ON GOING MEDICINES, IF NECESSARY INVESTIGATION LIKE PROCTOSCOPE, COLONOSCOPE EXAMINATION HELPS TO FIND THE CAUSE.

**ADVICE & TREATMENT**

- Daily intake of 8 to 12 glasses of water/fluid
- Include/add more cereals, fruits, green leafy vegetables, grapes, fig, dates, 20-25 GM OF fibers rich diet.IN YOUR DAILY DIET.
- Increasing physical activities, exercises, yoga, walking.
- Immediately respond to naturally call in the morning.
- 30 minutes after breakfast , attend the call for passing stool
- Only under the guidance and treatment of doctor use of medicines/tablets WHICH HAVE PROPERTY TO ABSORB MORE WATER IN INTESTINE,HENCE INCREASING BULK OF THE STOOL,MAKING SOFT,INCREASING THE MOVEMEMT OF THE INSTESTINE AND EASY PASSING OF THE STOOL.

# સમર્પિત દાનવીર : માતુશ્રી કાંતાબેન માણેકજી ધરમશી

## શ્રી કે.ડી.ઓ. જૈન સંઘ–પુનાનો ઐતિહાસિક ગૌરવ દિવસ

### એક મહાન વિચાર–એક દુર્લભ સંકલ્પ–એક જીવંત મૂલ્યને સન્માન આપવાનો અમૂલ્ય અવસર



પુના શહેરના ગૌરવ સમાન, આપણી વચ્ચે એવી એક પ્રેરણાદાયી સ્ત્રી શક્તિ છે જેમણે જીવન જીવવાની સાથે જીવન પછી પણ સમાજને કંઈક અર્પણ કરવાની ઉદાર ભાવના વ્યક્ત કરી છે. ઘણા લોકો જીવનભર સંપત્તિ કમાવે છે, તેનો સંગ્રહ કરે છે અને તેને કેવી રીતે વધારવી તેની ચિંતા કરે છે. પરંતુ બહુ ઓછા વિરલા એવા હોય છે જે જીવનકાળમાં જ પોતાને પૂછે છે મારા પછી મારી સંપત્તિ સમાજ માટે શું કરશે?

આ પ્રશ્ન માત્ર પૂછવો સહેલો નથી પરંતુ તેનો જવાબ જીવનમાં ઉતારવો એ એક અસાધારણ સંકલ્પ છે. આ પ્રશ્નનો દૃઢ અને સ્પષ્ટ જવાબ આપનાર આપણા સમાજની ગૌરવશાળી વિરલા વ્યક્તિ છે **માતુશ્રી કાંતાબેન માણેકજી ધરમશી**

તેમણે પોતાની અંદાજિત ૬૦ થી ૭૦ લાખની સંપૂર્ણ સંપત્તિ શ્રી કે.ડી.ઓ. જૈન સંઘ-પુનાના સાધારણ ખાતામાં સમાજના કલ્યાણ અને વિકાસ માટે અર્પણ કરવાનો એક ઐતિહાસિક અને પ્રેરણાદાયી નિર્ણય કર્યો છે. આ નિર્ણય કોઈ ભય, દુઃખ કે નિરાશામાંથી લેવાયો નથી. આ નિર્ણય લેવાયો છે દૂરદર્શિતા, મૂલ્યનિષ્ઠા અને સામાજિક જવાબદારીની ઊંડી સમજ સાથે. જ્યારે કોઈ વ્યક્તિ જીવતા જીવત જ પોતાની સંપત્તિનું ભવિષ્ય નક્કી કરે છે, ત્યારે એ માત્ર કાનૂની નિર્ણય નથી રહેતો, એ એક નૈતિક અને સામાજિક ઘોષણા બની જાય છે.

**શ્રી કે.ડી.ઓ. જૈન સંઘ-પુનાના**

**પ્રથમ સમર્પિત દાનવીર**

આજે આપણે માતુશ્રી કાંતાબેનને માત્ર દાનદાત્રી તરીકે નહીં, પરંતુ ગૌરવપૂર્વક સમર્પિત દાનવીર તરીકે સન્માનિત કરીએ છીએ. દાનનો મહિમા માત્ર સંપત્તિ આપવાથી નથી, પરંતુ નિર્ભય અને નિસ્વાર્થ ભાવથી આપવાનો સંકલ્પ લેવાથી છે. જ્યારે કોઈ શિક્ષણ માટે સંપત્તિ આપે, ત્યારે તે માત્ર ઇમારત નથી બનાવતા, એ ભવિષ્યો ઘડે છે. જ્યારે કોઈ આરોગ્ય માટે સંપત્તિ આપે, ત્યારે માત્ર હોસ્પિટલ ઊભી કરતા નથી, એ અનેક જીવનોને નવી આશા આપે છે. અને જ્યારે કોઈ સમાજના સર્વાંગી કલ્યાણ માટે પોતાની સંપૂર્ણ સંપત્તિ અર્પણ કરે છે, ત્યારે તે માત્ર દાન નથી કરતા એ સંસ્કાર અને મૂલ્યોની વારસાગાથા લખી જાય છે.

માતુશ્રી કાંતાબહેને સાબિત કર્યું છે કે, સંપત્તિ રાખવાની વસ્તુ નથી, સંપત્તિ દેખાડવાની વસ્તુ નથી, પરંતુ યોગ્ય હાથે સોંપવાની જવાબદારી છે. આજના સમયમાં જ્યારે મારું અને મને નો અવાજ ઊંચો છે, ત્યારે આપણે અને સમાજનો અવાજ જાગૃત કરવો અત્યંત જરૂરી છે. આ અવાજ આજે તેમના મહાન સંકલ્પ દ્વારા ગુંજી રહ્યો છે. તેમની આ ઉચ્ચ ભાવના સમગ્ર સમાજ માટે દીવાદાંડી બની રહે, યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત બને, અને વધુ લોકો જીવનકાળમાં જ આવો ઉદાર, વિચારપૂર્વકનો અને જવાબદાર સંકલ્પ લે, એવી હાર્દિક આશા અને પ્રાર્થના.

**આ મહાન વિચારને વંદન,**

**આ મહાન સંકલ્પને સલામ**

**અને આ મહાન આત્માને**

**હૃદયપૂર્વક અભિનંદન.**

**- શ્રી કે.ડી.ઓ. જૈન સંઘ-પુના**

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2024-2026 WPP Licence No. MR/Tech/WPP-352/North/2024-26
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001


# સમાચાર

## કુણાલ ડાઘા જીપીએસસી ૧૦મી રેન્કે પાસ



ગોએરસમાના માંડવી નિવાસી કુણાલભાઈ તિલકચંદ ડાઘા ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા ૧૦મી રેન્કે પાસ થતા ક્લાસ-૨ અધિકારી પદે નિયુક્ત થયા છે. કુણાલભાઈ વર્તમાનમાં આઈટીઆઈના પ્રિન્સીપલ નિમાયા છે.

## Hiral Nitin Lodaya



Hiral Nitin Lodaya-varapadhar (Akola) Received 1st prize in Street Play (inter College fest Zapurza) at kelkar college along with Best PR and Best college trophy.

## Trupti Tejesh Lalka



Trupti Tejesh Lalka-Varapadhar (Chopda), BFA 3rd Year Interior Decoration Received Award for Miniature of Luxury Toy Store G+1 from Sir J. J. School of Art, Mumbai.

## પાસ થયા અભિનંદન



**મીત ભરતભાઈ મુનવર**

CA

(CA with AIR 28)

## Riddhi Rajneesh Nagda



Riddhi Rajneesh Nagda-Naliya (Khamgaon), received the “Admin Head” award for her excellent leadership during the annual college fest “Enthusiac.” at J S Kothari Business School, Dadar.

## શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ - ડોંબિવલી





તા. ૦૧ - ૦૩ - ૨૦૨૬ ફાગણી તેરસના પવિત્ર દિવસે શાહપુર માનસ મંદિર ખાતે ૭ ગાઉ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં કુલ ૧૬૩ ભાવિકો ભાવ ભક્તિપૂર્વક જોડાયા હતા.

શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ - ડોંબિવલી તરફથી મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ મેઘજી મોતા (વારાપધર) દ્વારા પ્રાસંગિક પ્રવચન,ભાવ યાત્રાની ભાવનાત્મક રૂપરેખા, યાત્રાની ત્રણ બસના લાભાર્થી, સંઘ પૂજનના લાભાર્થીઓ સહ યાત્રિકોની અનુમોદન કરી અભિવંદના કરવામાં આવી હતી. આ સમગ્ર યાત્રાને મંડળના કાર્યકરોની મહેનત અને સક્રિય તાલમેલથી એક શિસ્તબદ્ધ અને સુખદ ભાવયાત્રા બનાવવામાં આવી હતી.

*If not delivered please return to :*

C/o. A/704, Remi Bizcourt, Shah Indl. Estate,
Off Veera Desai Road,
Andheri (W), Mumbai - 400 053.

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**